અ નુ ક્ર મ ણિ કા

ખંડ ૧લો

ખંડ ૨જો

પારમાર્થિક દષ્ટિ બિંદુ

નમ્ર નિવેદન

શ્રી 'પુંજાભાઇ જૈન ગ્રન્થ માળા' શ્રી જૈન સાહિત્ય પ્રકાશન સમિતી–નવજીવન કાર્યાલય, અમદાવાદ, તરફથી શ્રી 'કુંદકુંદાચાર્ય'ના ત્રણ રત્નો, નામનુ પુસ્તક, જેની પ્રથમાવૃત્તિ સન્ ૧૯૩૭ મા પ્રગટ થયેલ, તેની પ્રત મારા જોવામા સન્ ૧૯૬૮ મા આવી, ત્યારે તે મંગાવવા સમિતિમા પત્ર લખ્યો પરંતુ તે 'પુસ્તક હાલમા મળતું નથી,' એ મતલબનો પત્રનો ઉત્તર આવ્યો ત્યારે તેને સરળ ભાષામા પ્રગટ કરવાની અને તે પણ બાળજીવો સમજી શકે તેવી ભાષામા સરલ રીતે અને સાધકોને માર્ગદર્શક થાય, એ રીતે સક્ષેપમા લખવાની–દિલમા પ્રેરણા થઇ વર્તમાનમા કોઇ 'વ્યવહાર'ને જ મહત્વ આપે છે, તો કોઇ વળી નિશ્ચય'ને જ સર્વ કંઇ માને છે વ્યવહાર સાધન છે અને નિશ્ચય સાધ્ય છે અન્યોન્ય એક બીજાના પૂરક છે એકલા વ્યવહારથી કાર્ય સિધ્ધિ નથી, તેમ જ એકાંત નિશ્ચયથી પણ કાર્ય સિદ્ધિ નથી માટે આ રહસ્ય વર્તમાનમા જાણવું ઘણુ જ જરૂરી છે અને તે ગૂઢ રહસ્ય ન જાણવા રૂપ અજ્ઞાનને કારણે આજે જૈન સમાજમા વિવાદ ઉપસ્થિત થયો છે. એવે સમયે આ પુસ્તિકા વ્યવહાર અને નિશ્ચય બન્ને માર્ગનુ રહસ્ય બતાવનાર હોઇ, સમાધાન સહ, સાધનાનો માર્ગ સ્પષ્ટ વિદિત કરનાર બને એ હેતુથી તથા નિજ આધ્યાત્મિક પ્રેમીને માર્ગદર્શક બની સાધનામા દિવ્ય જ્યોતિરૂપ બની તેનો માર્ગ પ્રકાશિત કરે અને સાધક જ્ઞાન સહ ક્રિયાશીલ બની મોક્ષ માર્ગમા આગળને આગળ વિકાસ સાધે એ જ કામના છે. આ પુસ્તકનુ નામ "સાધન સિદ્ધિ

સહેતુક રાખેલ છે. કારણ કે આ જીવાત્મા કેવી રીતે બંધાયેલો છે, અને તે કેમ કરીને મોહના બંધનથી મુક્ત થઇ શકે તે આ પુસ્તકમા સરલ રીતે બતાવેલ છે તેથી જ તેનું તે નામ યોગ્ય અને સાર્થક છે. જે ભવ્ય જીવો બંધનનૃ કારણ જાણી તેને તોડવાને પ્રયત્નવંત થશે તે જરૂર ભવબંધનની બેડીને તોડીને ભવસાગરથી પાર થઇ પોતાના શુદ્ધ સ્વરૂપને પામી બંધનથી મુક્ત થશે ભવ્ય જીવોને આ પુસ્તક આનંદ આપનાર બની વિકાસમા સહાયક બનો, એ જ મંગલ કામના સહ વીરમું છુ.

લિ વિશ્વશાન્તિ ચાહક



હે સર્વોત્કૃષ્ટ સુખના હેતુભૂત સમ્યગ્દર્શન ! તને અત્યંત ભક્તિથી નમસ્કાર હો.

હે જિન વીતરાગ ! તમને અત્યંત ભક્તિથી નમસ્કાર કરૂ છું તમે આ પામર પ્રત્યે અનંત અનંત ઉપકાર કર્યા છે

હે કુંદકુંદાદિ આચાર્યો ! તમારાં વચનો પણ સ્વરૂપાનુસંધાનને વિષે આ પામરને પરમ ઉપકારભૂત થયાં છે તે માટે હુ તમને અતિશય ભક્તિથી નમસ્કાર કરૂં છું.

શ્રીમદ્ રાજચંદ્ર—હાથનોંધ-૨ (૧૦)



શુદ્ધિ પત્રક

પાનુ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૮	છેલ્લી	જીવતો છે, અને જીવતો હતો, —	અને જીવનો હતો તે જીવ છે.
૧૧	૭	તે શરીરો, ને તે જીવોને	તે શરીરો, તે તે જીવોને
૧૩	૨૦	સતાગત	સત્તાગત
૧૩	૨૫	ફૂટનોટ * ૨ નીચેની લીટીઓ 'ક્ષયોપશમ એ એવા ..થાય છે'	ફૂટ નોટ * ૧ સાથે અનુસંધાનમાં છે.
૧૭	૪	મોહક	મોહ
૧૯	૧૧	બન	બને
૨૧	૧૬	સયમ	અસયમ
૨૨	૧૫	બધાતો	બંધાતો
૨૪	૨૪	ગુપ્ત	ગુપ્તિ
૨૬	૧	અનહારી	અનાહારી
૨૯	૨૪	ધન્યાદિ	ધાન્યાદિ
૩૧	૧૧	દ્ર્બુદ્ધિ	દુર્બુદ્ધિ
૧૯	૧૪	કેવલદર્શાંની	કેવલદર્શી
૨૩	૨૦	અહંતાદિની	અર્હંતાદિની
૨૯	૧૩	વ્યવહાદિ	વ્યવહારિક
૩૬	૬	સયમ	સંચય
,	૭	[illegible]	[illegible]
,	૧૮	પરિણામતો	પરિણમતો
”	”	પરિણામોને જાણનો	પરિણામોને ભિન્ન જાણનો
૩૬	૧૨	[illegible]	[illegible]

૩૯	૨	નિર્જંરા	નિર્જંરા
૪૫	૧૦	એટલ	એટલે
૪૯	૧૬	પ્રકૃત્તિ	પ્રકૃત્તિ
૫૩	૧૧	ઉનમ	ઉત્તમ
૪૪	૧૧	નિમિત્ત થતા	નિમિતે થ
૪૪	૧૯	ને ફરી	તે ફરી
૪૪	૨૪	નાહ	નહિ
૪૫	૧૮	બને	બન્ને
૪૭	૧	હુ	હું
૪૭	૭	સિદ્ધ	સિદ્ધિ
૪૭	૨૩	અપ્રાપ્ત	અપ્રાપ્તિ
૪૯	૨૬	સઅધ	બંધ

પાનુ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૫૦	છેલ્લી	શ્રાતેન્દ્રિય	શ્રોતેન્દ્રિય
૫૮	૩	બહુવિણ	બહુવિ ણ
૫૮	૪	મોકખ	મોકખ
૫૮	૯	ગોકખ	ગોકમં
૫૪	૧૪	વિમોકખણં	વિમોકખણં
૫૫	૧	ફડાગો	ફડા ગો
૫૫	૫	ગોકખ	ગોકખ
૫૫	૧૨	ભિરનેકખો	ભિરનેકખો
૫૫	૧૨	[illegible]	[illegible]
૫૫	૧૩	[illegible]	[illegible]
[illegible]	૧	[illegible]	[illegible]
૫૫	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]

ભાગ ૧ લો

વ્યવહારિક દૃષ્ટિબિંદુ

પ્રકરણ ૧ લું

પ્રાસ્તાવિક

મંગળાચરણ,

ધ્રુવ અને અનુપમ મોક્ષગતિને પામેલા સર્વ સિદ્ધોને નમસ્કાર કરીને, તેમના વર્ણવ્યા મુજબ, હું આ આત્મ શાસ્ત્ર કહું છું. કામ ભોગ સંબંધી વાતો તો બધાને ઘણીવાર સાંભળવામાં આવી છે પરિચયમાં આવી છે તથા અનુભવવામાં આવી છે, પરંતુ રાગાદિ રહિત શુદ્ધ આત્મસ્વરૂપની કથા દુર્લભ થઈ છે તે સ્વરૂપ મારી પોતે જે કંઈ જાણ પ્રમાણે છે, તદનુસાર તમને કહી સંભળાવું છું.

આત્મજ્ઞાનની આવશ્યકતા

જ્યાં સુધી આત્માનો નિશ્ચય નથી થતો, ત્યાં સુધી [illegible]
(આત્મવાચક ગ્રંથો) [illegible]
[illegible]

અથવા ઉલટો (વિપરીત) સમજવો, અન્ય પ્રત્યે કરુણાનો અભાવ, અને આસક્તિ–એ મોહનાં લક્ષણો છે જિન શાસ્ત્ર વડે પ્રત્યક્ષાદિ પ્રમાણોથી યથાર્થ સમજ મેળવનાર મનુષ્યનો મોહસમૂહ નિશ્ચય ક્ષીણ થાય છે જે મનુષ્ય આત્માનું તેમ જ તેનાથી ભિન્ન એવા અન્ય પદાર્થોનું વિવેક જ્ઞાન પ્રાપ્ત કરે છે, તે મોહનો ક્ષય કરી શકે છે. અન્ય ભૂતપ્રાણીઓને જેમ ઇન્દ્રિયો રૂપી ચક્ષુ છે. તેમ સાધકને શાસ્ત્ર રૂપી ચક્ષુ છે. વિવિધ ગુણો અને પરિણામો સહિત બધા પદાર્થોનુ જ્ઞાન શાસ્ત્રમાં છે. પદાર્થોની જેની સમજ કે શ્રદ્ધા શાસ્ત્રપૂર્વક નથી, તેને અહીં સાચી સાધના સંભવી શકતી નથી, અને જેની સાધના સાચી નથી તે મોક્ષમાર્ગી શાનો? માટે ચાર* પ્રકારની (સાંસારિક) ગતિમાંથી મુક્તિ અપાવી નિર્વાણ અપાવનાર અને સર્વજ્ઞ મહામુનિઓના મુખમાંથી નીકળેલ શાસ્ત્રને નમન કરી તદનુસાર હું જે કહું છું તે શ્રવણ કરો.

---

* દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકી એ ચાર ગતિ છે

પ્રકરણ ૨ જું

દ્રવ્ય વિચાર

આ સમગ્ર લોક જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ છ દ્રવ્યોનો બનેલો છે. તે દ્રવ્યો સત્ છે. કોઈનાં કરેલાં નથી. સ્વભાવ સિદ્ધ છે, અનાદિ નિધન છે, ત્રિલોકના કારણભૂત છે, અન્યોન્યમાં પ્રવેશ કરી શકે છે, અન્યોન્યને અવકાશ આપે છે અને છતાં પોતાનો સ્વભાવ તજતાં નથી. લોકથી બહાર માત્ર ખાલી આકાશ (અલોકાકાશ) છે.

સત્‌ની વ્યાખ્યા

કોઈ પદાર્થ સત્ છે એમ કહીએ તો તેનો અર્થ એ છે કે, જે પદાર્થ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક હોવું તે તેનો અર્થ એ થયો કે, ઉપર જણાવેલાં છ દ્રવ્યોમાંથી કોઈ દ્રવ્ય અપરિણામી એટલે કે કૂટસ્થ-નિત્ય નથી, તેમ જ માત્ર ક્ષણિક પણ નથી પરંતુ પરિણામી-નિત્ય છે. આપણે જોઈએ છીએ કે વસ્તુનાં ચાલુ પરિણામો નાશ પામે છે, નવા ઉત્પન્ન થાય છે અને છતાં વસ્તુ પોતે અમુક પ્રકારે કાયમ રહે છે જેમ કે સોનાનું કુંડળ મટીને કડું થાય છે, ત્યારે કુંડળ રૂપનો નાશ થાય છે, કડા રૂપની ઉત્પત્તિ થાય છે અને તે છતાં તે રૂપાંતર દરમ્યાન સોનું દ્રવ્ય રૂપે કાયમ રહે છે તેમાં પણ સમજવાનું એ કે દ્રવ્યની પોતાની ઉત્પત્તિ કે નાશ નથી થતો પરંતુ તેના પર્યાયોની અપેક્ષાએ તે ઉત્પત્તિ, નાશ અને ધ્રુવત્વ ઘટતાં બને છે બીજા શબ્દોમાં કહીએ તો પોતાના ત્રૈકાલિક વિવિધ ભાવો રૂપે પરિણમતું હોવા છતાં દ્રવ્ય પોતે તો નિત્ય [illegible] દ્રવ્ય એક જ સમયે ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ રૂપ [illegible] [illegible] ઉત્પત્તિ, સ્થિતિ [illegible] [illegible]

દ્રવ્યની વ્યાખ્યા

કોઇ પદાર્થ દ્રવ્ય છે એમ કહીએ તો તેનો અર્થ એ કે, તે પોતાના વિવિધ પર્યાયો (પરિણામો) રૂપે, દ્રવ્ય છે. અર્થાત્ તે તે પર્યાયો (પરિણામો) પ્રાપ્ત કરે છે. પર્યાયો વિનાનુ દ્રવ્ય ન હોય અને દ્રવ્ય વિનાનો પર્યાય ન હોય. દ્રવ્ય ગુણાત્મક છે અને તેનાં પરિણામો એ તેના પર્યાય છે દ્રવ્ય વિનાના ગુણ ન હોય અને ગુણ વિનાનુ દ્રવ્ય ન હોય. ટૂંકમા, જે ગુણ યુક્ત છે તથા પર્યાયવાળું છે તથા પોતાના સ્વભાવનો પરિત્યાગ કર્યા વિના ઉત્પતિ, વિનાશ અને ધ્રુવત્વ યુક્ત છે તે દ્રવ્ય કહેવાય પોતાના ગુણો અને પર્યાયો તથા ઉત્પતિ, વિનાશ અને ધ્રુવત્વ સાથે અસ્તિત્વ એ જ દ્રવ્યની સત્તા અથવા સ્વભાવ છે

ગુણ અને પર્યાય

અહી એ પણ સમજવાનુ છે કે, દ્રવ્ય ગુણ અને પર્યાયમા અરસપરસ અનન્યત્વ છે પણ પૃથકત્વ નથી વસ્તુઓ વચ્ચેનો ભેદ વીર ભગવાને બે પ્રકારનો જણાવ્યો છે પૃથકત્વ રૂપી અને અન્યત્વ રૂપી પૃથકત્વ એટલે જુદા પ્રદેશવાળા હોવુ તે અને તે રૂપ ન હોવું તે અન્યત્વ જેમ કે દૂધ અને તેની ધોળાશ વચ્ચે અન્યત્વ છે, પૃથકત્વ નથી પરંતુ દંડ અને દંડી વચ્ચે પૃથકત્વ છે દ્રવ્ય-ગુણ-પર્યાય વચ્ચે તેવું પૃથકત્વ નથી દ્રવ્ય વિના ગુણ કે પર્યાય નથી હોતા. દ્રવ્ય જે જે પર્યાયો પ્રાપ્ત કરે છે તે તે પોતે જ ઉત્પન્ન થાય છે જેમ કે સોનુ જ કડા થાય છે [illegible] થાય છે કે વીંટી થાય છે પર્યાયોની અપેક્ષાએ જોતાં તો નવા નવા પર્યાયો ઉત્પન્ન થાય છે જે પહેલાં ન હોતા, પરંતુ દ્રવ્યની અપેક્ષાએ જોતાં તો તે પોતે તો કાયમનુ કાયમ છે જીવ દેવ થાય છે, મનુષ્ય થાય [illegible] પણ થાય છે, પરંતુ તે નવા પર્યાયોમા તે પોતાનુ આત્મત્વ છોડતો નથી નથી તે અન્ય નથી પરંતુ એ પણ સાચુ છે કે, જીવ મનુષ્ય થાય છે ત્યારે દેવ નથી હોતો અને દેવ થાય છે ત્યારે મનુષ્ય નથી હોતો આમ

દ્રવ્યાર્થિક નયની* અપેક્ષાએ બધા પર્યાયો એક દ્રવ્ય રૂપ જ છે પરંતુ પર્યાયાર્થિક નયની અપેક્ષાએ તે વખત પૂરતો તે જીવ તેને પર્યાય સાથે તન્મયી હોવાથી તે પર્યાયો એક બીજાથી જુદા છે આમ જુદા જુદા પર્યાયની અપેક્ષાએ એક જ દ્રવ્યને વિષે 'છે' (સ્યાદસ્તિ) 'નથી' (સ્યાન્નાસ્તિ) 'છે નથી' (સ્યાદસ્તિ-સ્યાન્નાસ્તિ) અવક્તવ્ય છે (સ્યાદવક્તવ્ય) વગેરે સપ્તભંગી પ્રયોગ ઘટી શકે છે બાકી સત્ પદાર્થનો નાશ નથી થતો અને અસતની ઉત્પત્તિ નથી થતી ઉત્પત્તિ અને વિનાશ ગુણ પર્યાયની અપેક્ષાએ દ્રવ્યમાં હોય છે

અસ્તિકાય—

છ દ્રવ્યોમાંથી જીવ પુદ્ગલ, ધર્મ અધર્મ અને આકાશ એ પાંચ અસ્તિકાય પણ કહેવાય છે જે પદાર્થ ગુણ પર્યાય યુક્ત હોય તથા અનેક પ્રદેશાત્મક હોય તે અસ્તિકાય કહેવાય

દ્રવ્યોનું વિવિધ વર્ગીકરણ દ્રવ્યોના બે પ્રકાર જીવ અને અજીવ જીવ દ્રવ્ય ચેતન છે અને બોધ વ્યાપારમય છે પુદ્ગલ વગેરે બાકીના અજીવ દ્રવ્યો અચેતન કે જડ છે દ્રવ્યોના મૂર્ત અને અમૂર્ત એવા પણ બે વિભાગો છે જે ચિન્હોથી દ્રવ્યોને જાણી શકાય તે તેમના ગુણો કહેવાય દ્રવ્ય મૂર્ત હોય કે અમૂર્ત હોય તે પ્રમાણે તે પણ મૂર્ત કે અમૂર્ત હોય છે. ઇન્દ્રિય ગ્રાહ્ય ગુણો મૂર્ત કહેવાય અને તે પુદ્ગલના જ હોય છે પરમાણુથી માંડીને પૃથ્વી સુધીના પુદ્ગલ

---

* નય એટલે એક જ વસ્તુને જુદી જુદી દૃષ્ટિએ ઉત્પન્ન થતા જુદા જુદા અભિપ્રાય તે મુખ્ય બે છે દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક આત્માના મૂળ સ્વરૂપ તરફ દૃષ્ટિ રાખી જે કથન થાય તે દ્રવ્યાર્થિક અને તેની વિકૃત દશાઓ પરત્વે કથન થાય તે પર્યાયાર્થિક નય કહેવાય છે

+ જૈનો, પુદ્ગલ વિભાગ ન થાય એવા આકારના અણુને પ્રદેશ કહે છે એવા અનેક પ્રદેશોને ભેગા [illegible] અસ્તિકાય કહે છે.

દ્રવ્યની વ્યાખ્યા

કોઈ પદાર્થ દ્રવ્ય છે એમ કહીએ તો તેનો અર્થ એ કે, તે પોતાના વિવિધ પર્યાયો (પરિણામો) રૂપે, દ્રવ્ય છે. અર્થાત્ તે તે પર્યાયો (પરિણામો) પ્રાપ્ત કરે છે. પર્યાયો વિનાનુ દ્રવ્ય ન હોય અને દ્રવ્ય વિનાનો પર્યાય ન હોય દ્રવ્ય ગુણાત્મક છે અને તેનાં પરિણામો એ તેના પર્યાય છે દ્રવ્ય વિનાના ગુણ ન હોય અને ગુણ વિનાનુ દ્રવ્ય ન હોય. ટૂંકમાં, જે ગુણ યુક્ત છે તથા પર્યાયવાળું છે તથા પોતાના સ્વભાવનો પરિત્યાગ કર્યા વિના ઉત્પત્તિ, વિનાશ અને ધ્રુવત્વ યુક્ત છે તે દ્રવ્ય કહેવાય પોતાના ગુણો અને પર્યાયો તથા ઉત્પત્તિ, વિનાશ અને ધ્રુવત્વ સાથે અસ્તિત્વ એ જ દ્રવ્યની સત્તા અથવા સ્વભાવ છે

ગુણ અને પર્યાય

અહીં એ પણ સમજવાનું છે કે, દ્રવ્ય ગુણ અને પર્યાયમાં અરસપરસ અન્યત્વ છે પણ પૃથક્ત્વ નથી વસ્તુઓ વચ્ચેનો ભેદ શ્રી ભગવાને બે પ્રકારનો જણાવ્યો છે પૃથક્ત્વ રૂપી અને અન્યત્વ રૂપી પૃથક્ત્વ એટલે જુદા પ્રદેશવાળા હોવુ તે અને તે રૂપ ન હોવું તે અન્યત્વ જેમ કે દૂધ અને તેની ધોળાશ વચ્ચે અન્યત્વ છે, પૃથક્ત્વ નથી પરંતુ દંડ અને દંડી વચ્ચે પૃથક્ત્વ છે દ્રવ્ય-ગુણ-પર્યાય વચ્ચે તેવું પૃથક્ત્વ નથી દ્રવ્ય વિના ગુણ કે પર્યાય નથી હોતા. દ્રવ્ય જે જે પર્યાયો ધારણ કરે છે તે રૂપે તે પોતે જ ઉત્પન્ન થાય છે જેમ કે સોનું જ કડાં થાય છે ને સોનું જ કંઠી થાય છે. પર્યાયની અપેક્ષાએ દ્રવ્યમાં નવા નવા પર્યાયો ઉત્પન્ન થાય છે જે પહેલાં ન હતા, પરંતુ દ્રવ્યની અપેક્ષાએ દ્રવ્ય તો તે પોતે તો કાયમનું કાયમ છે જીવ દેવ થાય છે, મનુષ્ય થાય છે, પશુ થાય છે, છતાં તે બધા પર્યાયોમાં તે પોતાનું આત્મત્વ છોડતો નથી તેથી તે અનન્ય છે પરંતુ એ પણ સાચું છે કે, જીવ મનુષ્ય હોય છે ત્યારે દેવ નથી હોતો અને દેવ હોય છે ત્યારે સિદ્ધ નથી હોતો આમ

દ્રવ્યાર્થિક નયની* અપેક્ષાએ બધા પર્યાયો એક દ્રવ્યરૂપ જ છે પરંતુ પર્યાયાર્થિક નયની અપેક્ષાએ તે વખત પૂર્વનો તે જીવ તેને પર્યાય સાથે તન્મયી હોવાથી તે પર્યાયો એક બીજાથી જુદા છે આમ જુદા જુદા પર્યાયની અપેક્ષાએ એક જ દ્રવ્યને વિષે 'છે' (સ્યાદસ્તિ) 'નથી' (સ્યાન્નાસ્તિ) 'છે નથી' (સ્યાદસ્તિ-સ્યાન્નાસ્તિ) અવક્તવ્ય છે (સ્યાદવક્તવ્ય) વગેરે સપ્તભંગી પ્રયોગ ઘટી શકે છે આથી સત પદાર્થનો નાશ નથી થતો અને અસતની ઉત્પત્તિ નથી થતી ઉત્પત્તિ અને વિનાશ ગુણ પર્યાયની અપેક્ષાએ દ્રવ્યમાં મનાય છે

અસ્તિકાય—

૬ દ્રવ્યોમાંથી જીવ, પુદ્ગલ, ધર્મ અધર્મ અને આકાશ એ પાંચ અસ્તિકાય પણ કહેવાય છે જે પદાર્થ ગુણ પર્યાય યુક્ત હોય તથા અનેક પ્રદેશાત્મક હોય તે અસ્તિકાય કહેવાય

દ્રવ્યોનુ વિવિધ વર્ગીકરણ દ્રવ્યોના બે પ્રકાર છે જીવ અને અજીવ જીવ દ્રવ્ય ચેતન છે અને બોધ વ્યાપારમય છે પુદ્ગલ વગેરે બાકીના અજીવ દ્રવ્યો અચેતન છે જડ છે દ્રવ્યોના મૂર્ત અને અમૂર્ત એવા પણ બે વિભાગો છે જે ચિહ્નોથી દ્રવ્યોને જાણી શકાય તે તેમના ગુણો કહેવાય દ્રવ્ય મૂર્ત હોય કે અમૂર્ત હોય તે પ્રમાણે તે પણ મૂર્ત કે અમૂર્ત હોય છે ઇન્દ્રિય ગ્રાહ્ય ગુણો મૂર્ત કહેવાય અને તે પુદ્ગલના જ હોય છે પરમાણુથી માંડીને પૃથ્વી સુધીના પુદ્ગલ

---

* નય એટલે એક જ વસ્તુને જુદી જુદી દૃષ્ટિએ ઉત્પન્ન થતા જુદા જુદા અભિપ્રાય તે નય છે દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક આમાંના [illegible] સ્વરૂપ તરફ દૃષ્ટિ રાખી જે તે કથન કરે તે દ્રવ્યાર્થિક નય તેથી વિરુદ્ધ દશાઓ પર કથન કરે તે પર્યાયાર્થિક નય કહેવાય છે

— [illegible]

અને દ્રવ્યમાં રૂપ, રસ, ગંધ, સ્પર્શ એ ચાર ગુણો+ હોય છે. શબ્દ એ પુદ્ગલનો પરિણામ છે, ગુણ* નથી

અમૂર્ત દ્રવ્યોના ગુણ સંક્ષેપમાં આ પ્રમાણે છે. આકાશ દ્રવ્યનો ગુણ અવગાહ-અન્ય દ્રવ્યોને જગ્યા આપવી-તે છે. ધર્મ દ્રવ્યનો ગુણ ગતિહેતુત્વ-ગતિમાન દ્રવ્ય ને ગતિમાં નિમિત્ત રૂપ થવુ તે-છે. અધર્મદ્રવ્યનો ગુણ સ્થિતિ કારણતા-સ્થિતિમાન દ્રવ્યની સ્થિતિમાં નિમિત્ત રૂપ થવુ તે-છે, કાલ દ્રવ્યનો ગુણ વર્તના-પોતાની મેળે વર્તતા પદાર્થોને, વર્તવામાં સહાયરૂપ થવું તે-છે, આત્માનો ગુણ ઉપયોગ એટલે કે બોધ રૂપ વ્યાપાર-ચેતના છે. આકાશ દ્રવ્ય લોક-અલોકમા રહેલુ છે ધર્મ અને અધર્મ લોકમાં વ્યાપીને રહ્યાં છે; જીવ અને પુદ્ગલને આધારે કાલ દ્રવ્ય પણ લોકમા રહેલુ છે, આકાશના પ્રદેશની પેઠે ધર્મ-અધર્મ અને જીવના પણ પ્રદેશ જાણવા પરમાણુ ને પ્રદેશ નથી કારણ કે તેના ઉપરથી જ આકાશાદિના પ્રદેશ નક્કી કરાય છે. પરમાણુથી વ્યાપ્ત આકાશને પ્રદેશ કહે છે તે પ્રદેશ અન્ય સર્વ દ્રવ્યોના અણુઓને અવકાશ આપી શકે છે. જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ અને આકાશ એ પાંચ દ્રવ્યો અસંખ્ય પ્રદેશવાળા છે. કાલ દ્રવ્ય અણુરૂપ હોવાથી તથા તેના પરમાણુ

---

* ગુણ તો તેને કહેવાય કે જે રૂપે દ્રવ્ય હમેશ પ્રતીત થતું હોય. પણ શબ્દ તો જ્યારે બે પુદ્ગલ સ્કંધો અથડાય છે ત્યારે પ્રગટ થાય છે માટે તે પુદ્ગલ ગણનું પરિણામ છે ગુણ નહિ. અન્ય દર્શનો શબ્દને આકાશનો ગુણ માને છે પરન્તુ તેની સામે દલીલ એ છે કે જે બે વસ્તુમા પરસ્પર મોટો વિરોધ હોય તે ગુણ-ગુણી હોય ન શકે, આકાશ તો અમૂર્ત છે પરન્તુ શબ્દ તો મૂર્ત, કેમકે કંઠાદિ ઇન્દ્રિયોથી પેદા થાય છે અને પેદા થતી વખતે રોધ, [illegible] વગેરેને કહેવાય છે માટે મૂર્ત છે તે આકાશનો ગુણ ન કહેવાય.

પુદ્ગલ પરમાણુઓની પેઠે એક બીજા સાથે ભળી શકતાં ન હોવાથી તેને અનેક પ્રદેશો નથી હોતા એ એક જ પ્રદેશવાળું છે. જેને પ્રદેશો ન હોય કે એક પ્રદેશ પણ ન હોય તેને શૂન્ય અસ્તિત્વ રહિત, અવસ્તુ ભૂત જાણવું

૭ દ્રવ્યોમાંથી પુદ્ગલ અને જીવનાં ઉત્પાદ સ્થિતી અને ભંગ રૂપ પરિણામો, તેમના ભેગા મળવાથી કે જુદા પડવાથી થાય છે. બીજા શબ્દોમાં જીવ અને પુદ્ગલ એ બે દ્રવ્ય સક્રિય છે, બાકીના નહિ. જીવની ક્રિયામાં નિમિત્ત પુદ્ગલ છે. અને પુદ્ગલની ક્રિયામાં નિમિત્ત કાલ છે.

૧ આકાશ

સર્વ જીવોને, ધર્મને, અધર્મને, પુદ્ગલોને તથા કાલને લોકમા, જે દ્રવ્ય, સંપૂર્ણ જગા–અવકાશ–આપે છે, તે આકાશ છે આકાશના જે ભાગમાં તે સર્વ આવેલા છે તે લોક કહેવાય છે લોકની બહાર અનંત આકાશ છે તેને અલોક કહેવાય છે

૨ ધર્મ

જે દ્રવ્ય રસ, રૂપ, ગંધ અને સ્પર્શ રહિત છે તે સર્વ લોકમાં વ્યાપેલ છે, અખંડ છે, [illegible] છે અને અસંખ્યાત પ્રદેશ યુક્ત છે. તે અમૂર્ત અનંત પર્યાય [illegible] કરે છે. તે પોતે કાર્ય નથી અને ગતિ ક્રિયા [illegible] તેમની ગતિ ક્રિયામાં નિમિત્ત [illegible]

અધર્મ ૩

જેવું ધર્મ દ્રવ્ય છે તેવુ અધર્મ દ્રવ્ય છે પૃથ્વીની પેઠે, તે ગમન ક્રિયા યુક્ત જીવ-પુદ્ગલ-દ્રવ્યોને સ્થિતિ કરવામાં કારણભૂત છે, જે દ્રવ્યો ગતિ કરી શકે છે, તેમની સ્થિતિ પણ સભવે છે, આ ધર્મ અને અધર્મ દ્રવ્યોના હોવા અને ન હોવાને કારણે લોક અને અલોક એવા ભેદો પડયા છે, જ્યાં ધર્મ-અધર્મ દ્રવ્યો છે તે લોક, અને જ્યાં તે બે નથી, તે અલોક ગમન અને સ્થિતિ તેમની સહાયતાથી થાય છે, તે બન્ને ભિન્ન છે, છતા એક જ ક્ષેત્રમા રહેતા હોવાથી અવિભક્ત પણ છે.

(૪) કાલ

કાલ દ્રવ્ય વર્ણ ગધ રસ સ્પર્શ આદિ રહિત અમૂર્ત છે, અન્ય દ્રવ્યોને પરિણમવવામા નિમિત્તરૂપ એવુ તેનુ લક્ષણ છે

(૫) પુદ્ગલ

પુદ્ગલ દ્રવ્ય ચાર પ્રકારનુ છે સ્કધ, સ્કધદેશ, સ્કંધપ્રદેશ અને પરમાણું સ્કંધ એટલે સમસ્ત પિંડ તેનો અર્ધો ભાગ તે દેશ, તેનો પણ અર્ધો ભાગ તે પ્રદેશ અને જેનો બીજો કોઇ વિભાગ ન થઇ શકે તે પરમાણું. પુદ્ગલ દ્રવ્ય રસ, ગધ, રૂપ, સ્પર્શ વાળાં રૂપી (મૂર્ત) હોય છે. ઇન્દ્રિય ભોગ્ય પદાર્થો, પાંચ શરીરો. મન, કર્મો તેમ જ બીજું જે કાંઇ મૂર્ત છે, તે બધું પુદ્ગલ છે

(૬) જીવ

જીવો બે પ્રકારના છે.- સસારી અને સિદ્ધ (મુક્ત) બન્ને પ્રકારના જીવો અનંત છે, તેઓ ચેતનાત્મક છે, અને ઉપયોગ એટલે કે બોધ વ્યાપાર રૂપ પરિણામવાળા છે સંસારી જીવો દેહ સહિત છે અને મુક્ત જીવો અશરીરી છે સસારમા જે કોઇ બળ, ઇન્દ્રિયો, આયુષ્ય અને ઉચ્છ્વાસ એ ચાર પ્રાણો વડે જીવે છે, જીવશે અને જીવ્યો છે, અને જીવતો હતો, તેમનુ પ્રાણ ધારણપણુ (એટલે દેહ

ધારણપણું) સર્વથા ટળી ગયુ છે તેવા દેહથી મુક્ત થયેલા જીવો સિદ્ધ કહેવાય છે, તેમનું વાણીથી વર્ણન કરવુ શક્ય નથી

જીવ અસંખ્ય પ્રદેશ યુક્ત હોય છે, અને સમગ્ર લોકને વ્યાપીને રહે છે, પરન્તુ કેટલાક જીવો તેવો વિસ્તાર નથી પામી શકતા કારણ દેહમાં રહેલો જીવાત્મા દેહ પ્રમાણે જ પ્રકાશ કરી શકે છે એક શરીરમા સર્વ અવસ્થામા જેમ તેને તે જ જીવ છે તેમ સર્વત્ર સંસાર અવસ્થામા પણ તેને તે જ જીવ છે, ને પોતાના શરીરથી અભિન્ન જેવા લાગે છે, પણ તે બન્ને એક નથી, માત્ર પોતાના [illegible] અધ્યવસાયોને કારણે કર્મ રજથી મલીન બની, તે પોતાને દેહથી અભિન્ન માની વર્તે છે

ચેતના ગુણ અને ચેતના વ્યાપાર

જીવનો ચેતના ગુણ ત્રણ પ્રકારનો છે, (૧) સ્થાવર કાય જેવા કેટલાક જીવો કર્મનુ ફળ જ અનુભવે છે. તેમની ચેતના કર્મફળ ચેતના કહેવાય છે, (૨) જંગમ જીવો ઉપરાંતમા કર્મ પણ કરી શકે છે તેમની ચેતના કર્મ ચેતના કહેવાય છે, (૩) અને પ્રાણીપણાને (દેહ ધારણ) ઓળંગી ગયેલા સિદ્ધ જીવો શુદ્ધ જ્ઞાન ચેતનાને જ અનુભવે છે

જીવનો ચેતના વ્યાપાર જ્ઞાન અને દર્શન એમ બે પ્રકારનો છે જે બોધ ગ્રાહ્ય વસ્તુને વિશેષ રૂપે જાણે તે જ્ઞાન કહેવાય અને સામાન્ય રૂપે જાણે તે દર્શન કહેવાય

દ્રવ્ય અને ગુણની અનન્યતા

ચેતના [illegible]

[illegible]

દ્વારા તે જીવો વિવિધ પરિણામો પામે છે. સંસારી અવસ્થામાં, જીવ ચેતના યુક્ત છે, બોધ વ્યાપાર વિશિષ્ટ છે, પ્રભુ (કરવા-ન કરવાને સમર્થ) છે, કર્તા છે, ભોક્તા છે, પોતાના દેહ જેટલા પ્રમાણવાળો છે, વસ્તુની અપેક્ષા એ અમૂર્ત છે, અને કર્મબદ્ધાવસ્થામાં મૂર્ત છે. ઇન્દ્રિયો જીવ નથી, છ પ્રકારના (પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસ-એ) કાયો પણ જીવ નથી, પરંતુ ઇન્દ્રિયો અને કાયોમા જે જ્ઞાન (ચૈતન્યભાવ) છે, તે જીવ છે. જીવ બધું જાણે છે, દેખે છે, સુખ ઇચ્છે છે, દુઃખથી ભય કરે છે, હિત કે અહિત આચરે છે, અને તેનુ ફળ ભોગવે છે આ તથા એવા બીજા અનેક પર્યાયો વડે જીવને જાણીને, જ્ઞાનથી અન્ય એવા (સ્પર્શ રસાદિ) ચિન્હો વડે અજીવ તત્વ પારખવું. આકાશ, કાલ, પુદ્ગલ, ધર્મ અને અધર્મ-એ તત્વોમાં જીવના ગુણો નથી, તેઓ અચેતન કહેવાય છે. જીવ ચેતન છે, સુખ દુઃખનું જ્ઞાન અથવા હિતમા પ્રવૃત્તિ અને અહિતની બીકતા જેને નથી તે અજીવ છે આકૃતિ, બાંધો, વર્ણ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દ એ તથા બીજા અનેક ગુણો અને પર્યાયો પુદ્ગલ દ્રવ્યના જાણવા જીવ તો અરૂપ અરસ, અગંધ, અવ્યક્ત, ચેતન, શબ્દાતીત, ઇન્દ્રિયાતીત, અગ્રાહ્ય અને નિરાકાર છે

પ્રકરણ ૩જું

આત્મા

જીવકાયાના છ પ્રકાર

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસ —એમ જીવ કાયો છ પ્રકારના છે. ત્રસકાયો જીવ યુક્ત છે તે તો સહેજે સમજાય તેવું છે, પરંતુ સ્થાવર જીવો પણ ચેતના-યુક્ત છે. તેમના અવાન્તર ભેદો અનેક છે. તે [illegible], તે તે જીવોને, માત્ર સ્પર્શેન્દ્રિયો દ્વારા ગૌણ અતુલ સ્પર્શ કર્યા ભોગ આપે છે. (અર્થાત્ તે જીવોની ચેતના માત્ર કર્મ ફલ અનુભવનારી છે)

જીવની પરિણામશીલતા

સંસારી જીવોની કોઈ પર્યાય આ જ પ્રમાણે કાયમ રહેતી નથી, કારણ કે, પોતાના (અજ્ઞાનરૂપ) સ્વભાવને કારણે તે વિવિધ ક્રિયાઓ કર્યા કરે છે અને તે શુભાશુભ ક્રિયાઓના ફળ [illegible], અન્ય યોનિઓ પામ્યા કરે છે. માત્ર, જ્યારે તે પોતાના જ્ઞાન [illegible] સ્થિતિ રૂપ પરમ ધર્મ આચરે છે ત્યારે [illegible]

[illegible]

[illegible]

રૂપે ગ્રહણ કરવા યોગ્ય કે ન કરવા યોગ્ય એવા જડ ભૌતિક દ્રવ્યના નાના મોટા સ્કંધોથી અત્યંત ગાઢો ભરેલો છે, તેનાથી કર્મરૂપે પરિણામ પામી શકે તેવા સ્કંધો સંસારી જીવોના (રાગ દ્વેષાદિ અશુદ્ધ) પરિણામોનુ નિમિત્ત પામી, કર્મ રુપે પરિણામ પામે છે અને જીવ સાથે બધાય છે. કર્મ બધાવાથી તેના ફળ ભોગવવા માટે જીવને જુદી જુદી ગતિ પ્રાપ્ત થાય છે ગતિ પામેલા જીવને શરીર પ્રાપ્ત થાય છે, શરીરથી ઇન્દ્રિયો, ઇન્દ્રિયોથી વિષય ગ્રહણ, અને વિષય ગ્રહ-ણથી રાગ કે દ્વેષ થાય છે આ પ્રમાણે સંસાર રૂપ ચક્રમા મલિન જીવને અશુદ્ધ ભાવો થાય છે જીવને પ્રાપ્ત થતા શરીરો જડ, ભૌતિક, દ્રવ્યાત્મક છે જીવ તો (શુદ્ધ સ્વરૂપે) રસ રહિત છે રૂપ રહિત, ગધ રહિત, અવ્યક્ત, શબ્દ રહિત, અતીન્દ્રિય અને નિરાકાર છે. તથા ચેતના ગુણ યુક્ત છે. આત્મા રૂપાદિ રહિત હોવા છતા રૂપ યુક્ત દ્રવ્યોને અને તેમના ગુણોને જેવી રીતે જુએ છે અને જાણે છે તેવી રીતે જડ, ભૌતિક દ્રવ્ય સાથે તેનો બધ પણ જાણવો જ્ઞાન દર્શનમય આત્મા, વિવિધ પ્રકારના વિષયોને પ્રાપ્ત કરી, મોહ પામે છે, રાગ પામે છે. અથવા દ્વેષ યુક્ત થાય છે તે જ તેમની સાથે સબન્ધ છે, જીવ જે ભાવથી ઇન્દ્રિય ગોચર બનેલા પદાર્થને જુએ છે, તથા જાણે છે, તેનાથી તે રજિત થાય છે, અને તેને લીધે જ પછી તેની સાથે કર્મ બધાય છે,—એવો જિનશાસ્ત્રનો ઉપદેશ છે યથા યોગ્ય સ્નિગ્ધતા રૂક્ષતાથી જડ ભૌતિક દ્રવ્યનો આપસમાં બધ થાય છે અને રાગાદિકે આત્માને બધ થાય છે, એમ એ બન્નેનો અન્યોન્ય અવગાહ પુદ્ગલ અને જીવ બન્નેને કારણે છે. જીવ પોતે પરમાર્થિક દૃષ્ટિએ મૂર્ત નથી, પરતુ અનાદિ કાળથી કર્મો વડે બધાયેલો હોઇ, મૂર્ત બન્યો છે તેથી તે મૂર્ત કર્મોને પોતાની સાથે બાધે છે અને પોતે તેમની સાથે બંધાય છે એ કર્મના ફળ રૂપે જડ વિષયોને જીવ, જડ ઇન્દ્રિયો દ્વારા ભોગવે છે

આત્મા પ્રદેશ યુક્ત છે તે પ્રદેશોમા પુદ્ગલસમૂહો યથા યોગ્ય

પ્રવેશ પામે છે બંધાય છે, સ્થિર રહે છે, અને પાછા ફળ આપીને છૂટા પડી જાય છે જીવ રાગ યુક્ત થાય છે, ત્યારે કર્મ બંધાય છે અને રાગ રહિત થાય છે ત્યારે મુક્ત થાય છે

આ મુજબ ટૂંકમાં જીવોના બંધનનું સ્વરૂપ છે જીવના અશુદ્ધ પરિણામથી બંધ થાય છે અને તે પરિણામમાં રાગ દ્વેષ અને મોહ યુક્ત હોય છે તેમાંથી મોહ અને દ્વેષ અશુભ છે રાગ શુભ તેમ જ અશુભ બન્ને પ્રકારના હોય છે પરપદાર્થમાં શુભ પરિણામથી પુણ્ય બંધ થાય છે અને અશુભથી પાપનો બંધ થાય છે. પર દ્રવ્યમાંથી મમત્વ ભાવ દૂર કરવાથી દુઃખના હેતુ રૂપ કર્મ બંધથી મુક્તિ પ્રાપ્ત થાય છે

જીવનું કર્તાપણું

કર્મોના બંધ પામેલા કર્મને અનુસરતા જીવ જે ભાવોને પ્રાપ્ત કરે છે તે ભાવનો તે કર્તા કહેવાય છે તેને ભાવ કર્મ કહેવાય છે કર્મ વિના જીવને ઉદયભાવ,* ઉપશમ ભાવ, ક્ષયોપશમભાવ ક્ષાયિકભાવ [illegible]

[illegible]

એ છે કે, જીવના ભાવ ઉત્પન્ન થવામાં કર્મ નિમિત્ત રૂપ છે અને કર્મનાં પરિણામની ઉત્પત્તિમાં જીવના ભાવ નિમિત્ત રૂપ છે. જીવના ભાવ, અલબત, કર્મ પરિણમનું ઉપાદાન કારણ નથી જ કે કર્મ પરિણમ એ જીવના ભાવનું ઉપાદાન (મૂળ) કારણ નથી આત્માનો જે પરિણામ તે તો આત્મા પોતે જ છે, એ પરિણમવાની ક્રિયા જીવમયી જ છે, તથા તે જીવે જ પોતે કરેલી હોવાથી જીવનું જ કર્મ કહેવાય છે કર્મ બે પ્રકારના છે. વિવિધ રાગાદિરૂપે પરિણમવાની જે જીવગત ક્રિયા જેને કારણે જડ કર્મ તેની સાથે બંધાય તે ભાવ કર્મ અને તેને પરિણામે બંધાતું જડ કર્મ તે દ્રવ્ય કર્મ.

પણ જે દ્રવ્યકર્મ તેને ચોટે છે, તેનું ઉપાદાન કારણ તે નથી. પોતાનાં પરિણામોને કરતો આત્મા પોતાના ભાવોનો કર્તા છે, તે જ પ્રમાણે કર્મ પણ પોતાના સ્વભાવથી પોતાના પરિણમનનો કર્તા છે. તો હવે પ્રશ્ન એ થાય છે કે, જો કર્મ પોતાનાં પરિણમન કરતું હોય અને જીવ પોતાનાં પરિણામો કરતો હોય તો આત્મા કર્મ બાંધે છે, કે કર્મનું ફળ ભોગવે છે, એમ કેમ કરીને કહેવાય? તેનું સમાધાન આ પ્રમાણે છે:–

આ આખો લોક બધી બાજુ સૂક્ષ્મ સ્થુલ એમ અનંતવિધ જડ કર્મ દ્રવ્યોથી ખીચોખીચ ભરેલો છે હવે જીવે જે વખતે પોતાના અશુદ્ધ વિભાવ પરિણામો કરે છે તે વખતે ત્યાં એક જ ક્ષેત્રમાં અતિશય ગાઢ રહેલાં કર્મ દ્રવ્ય જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મરૂપ પરિણામને પામી, જીવ સાથે બંધાય છે. આમ કર્મ પોતાનાં પરિણમનશીલપણાથી કર્તા છે ખરું, પરંતુ જીવના ભાવોથી સંયુક્ત થઈને, એવી રીતે કે, જીવના ભાવ પરિણામ થવાની સાથે જડ કર્મ પોતાનું પરિણમન પામે છે, તેજ પ્રમાણે કર્મના પરિણામ થવાની સાથે જીવના ભાવોમાં પણ પરિણામ થાય છે, એ રીતે કર્મના પરિણામોને પોતાના ભાવો દ્વારા જીવ ભોગવે છે જીવ પરિણામ ત્રણ જાતના છે તે શુભ, અશુભ, કે શુદ્ધ એમ જેવા જેવા ભાવે પરિણમે છે તેવા તેવા તે થાય

છે જો પહેલેથી જ આત્મા સ્વભાવથી જ અપરિણમનશીલ હોત, તો આ બધો સંસાર જ ન હોત. કોઈ દ્રવ્ય પરિણમન વિનાનું નથી અને કોઈ પરિણમન દ્રવ્ય વિના સંભવતું નથી. પદાર્થનું અસ્તિત્વ જ દ્રવ્ય, ગુણ અને પર્યાયનું બનેલું છે. આત્મા જ્યારે શુદ્ધ ભાવો રૂપે પરિણમે છે, ત્યારે નિર્વાણ સુખને પામે છે, શુભ ભાવો રૂપે પરિણમે છે ત્યારે સ્વર્ગ સુખ પામે છે, અને અશુભ ભાવો રૂપે પરિણમે છે ત્યારે અનેક કુયોનિમાં (૮૪ લાખ યોનિઓમાં) રઝળતો દુઃખોથી પીડિત થઈ સંસાર પરિભ્રમણ કર્યા કરે છે.

જીવના શુભ ભાવો

જે આત્મા દાન, શીલ, ગુરુભક્તિ વ્રતો, નિયમો યુક્ત છે તે આત્મા શુભ ભાવવાળો (પુણ્યશાળી) મનાય છે. જીવનો આવો ભાવ તે શુભ રાગ છે. અર્હંતો, સિદ્ધો અને સાધુ ભગવંતોની સત્ય ભક્તિ, ધર્મમાં પ્રવૃત્તિ, અને ગુરુ આજ્ઞાનું પાલન એ બધો શુભ રાગ કહેવાય. દુઃખીઓ પ્રત્યે દયાભાવ, તેને સહાયતા કરવી, તે બધો અનુકંપા ભાવ. કરનાર શુભ ભાવવાળો જીવાત્મા [illegible], સાંસારિક સુખોને આ લોક પરલોકમાં પામે છે.

જીવના અશુભ ભાવો

જે મનુષ્ય વિષય સુખમાં રક્ત છે, [illegible]

પુણ્યથી મળતાં સુખમાં આસક્ત થઇ તે સુખોને પ્રાપ્ત કરવાની કામનાવાળા જીવો છે તે મોહ મૂઢ માનવો આ ઘોર, અપાર સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે.

જીવના શુદ્ધ ભાવો

પુણ્ય પાપ (શુભ અશુભ ભાવો) નું આવુ સ્વરૂપ સમજી જે માનવો પરદ્રવ્ય પર મમત્વ ભાવ ન કરતા પોતાના શુદ્ધ ભાવોમાં સ્થિત થાય છે, તે સસારનાં વિષમ દુઃખનો અત કરી શકે છે. પાપ કર્મો તજી કોઇ ભલે શુભ–પુણ્ય–ચરિત્રમાં ઉદ્યમવંત થાય, પણ જ્યા સુધી તે મોહાદિ તજે નહિ, આસક્તિ ત્યાગે નહિ, ત્યા સુધી તે શુદ્ધ આત્માને પામી શકે નહિ અર્હંત એ આત્માનુ શુદ્ધ સ્વરૂપ છે એટલે, જે માણસ અર્હંતને દ્રવ્ય ગુણ અને પર્યાયથી જાણે છે, તે આત્માને પણ જાણે છે, અને તેનો મોહ ક્ષય પામે છે પોતાથી અન્ય (પર) પદાર્થોમા જીવનો જે મૂઢ ભાવ (વિપરીત ભાવ) તેનુ જ નામ મોહ. મોહ યુક્ત જીવ અન્ય પદાર્થમા રાગ અથવા દ્વેષ પામી ક્ષુભિત થાય છે અને કર્મ બંધન પામે છે. જીવ મોહ રહિત થઇ આત્માનુ તત્ત્વ બરાબર સમજી રાગદ્વેષ તજે છે ત્યારે શુદ્ધ આત્માને પામે છે. બધા અર્હંતો એ જ માર્ગનુ અનુસરણ કરી કર્મનો ક્ષય કરે છે તથા અન્ય જીવોને પણ એ જ ઉપદેશ કરી મુક્ત થયા છે, તેમને નમસ્કાર હજો!

ધ્યાન

હું શુભાશુભ ઉપયોગ રહિત થઇ અન્ય દ્રવ્યોમા મધ્યસ્થ બની આત્મ સ્વરૂપનુ ધ્યાન કરું છું. હું દેહ નથી, મન નથી, વચન નથી કે તેમના કારણ રૂપ પુદ્ગલ દ્રવ્ય નથી. હું કર્તા નથી, કરાવનાર નથી, કરનારને અનુમતિ આપનાર પણ નથી દેહ, મન અને વચન જડ પૌદ્ગલિક દ્રવ્યાત્મક છે અને પૌદ્ગલિક દ્રવ્ય પણ અનેક પરમાણુઓનો પિંડ છે, હું જડ પૌદ્ગલ દ્રવ્યાત્મક નથી [illegible] જ નહિ, પણ મેં તેના પરમાણુઓને પિંડ રૂપ કર્યાં પણ નથી. હું દેહ નથી કે તે

ભાવવાળો થાય છે, તો જ તે અક્ષય સુખને પામે છે. મોહમલ દૂર કરી, વિષયોથી વિરામ પામી, મનનો નિરોધ કરી, જે પોતાના ચૈતન્ય સ્વરૂપમાં સ્થિર થઇ, તે આત્માનું ધ્યાન કરે. જેમને પદાર્થોનું સમ્યકજ્ઞાન છે, જેણે અંતરંગ અને બાહ્ય પરિગ્રહ ત્યાગ્યો છે, અને જે વિષયોમાં આસકત નથી, તે શુદ્ધ ભાવવાળો કહેવાય છે જે શુદ્ધ છે, તે જ સાચો શ્રમણ છે, તેને જ દર્શન છે, તેને જ જ્ઞાન છે, તેને જ નિર્વાણ છે, અને તે જ સિદ્ધ છે, તેને નમસ્કાર! ગૃહસ્થ હો કે મુનિ પરંતુ જે આ ઉપદેશ સમજે છે, તે થોડા જ વખતમા સિદ્ધાંતનુ રહસ્ય પ્રાપ્ત કરે છે

પરમાર્થિક સુખ

શુદ્ધ ભાવો રૂપે પરિણમેલા આત્માને સૌથી અધિક આત્મામાંથી જ ઉત્પન્ન થયેલુ ઇન્દ્રિય વિષયોથી પર, ઉપમા રહિત, અનંત અને નિરાકુલ એવુ પરમ સુખ પ્રાપ્ત થાય છે. જે મુનિ જીવાદિ નવ તત્વ તથા તેમનુ રહસ્ય, તેમજ શાસ્ત્રોને સારી રીતે અભ્યાસ કરી તેના રહસ્યને જાણે છે, જે સંયમ અને તપથી યુક્ત છે, રાગરહિત છે, સુખ દુ:ખમા સમભાવવાળો છે, તે શુદ્ધ ભાવવાળો કહેવાય છે, તે આત્મિક સુખને પ્રાપ્ત કરે છે.

તેનાથી જૂના કર્મનો માત્ર ક્ષય થાય છે, નવીન બંધન થતું નથી

પારમાર્થિક સુખરૂપતા

કેવલજ્ઞાન છે તે જ સાચું સુખ છે કેવલજ્ઞાનીના ઘાતિકર્મો ક્ષય પામ્યા હોવાથી તેને કશો ખેદ શોક હોતો નથી જ્ઞાન દર્શનનો ઘાત કરનાર તેનુ બધુ અનિષ્ટ નાશ પામી ગયું છે, અને પદાર્થોનો પાર પામેલું જ્ઞાન અને લોક તથા અલોકમા વિસ્તાર પામતું દર્શન એ ઇષ્ટ વસ્તુ તેને પ્રાપ્ત થઇ છે. તેનુ સુખ પરમ છે, સર્વ સુખોમા તે મુખ્ય છે અને તે જ આત્મિક સુખ સત્ય અને શાશ્વત છે. બીજા બધા સુખો ક્ષણિક અને નાશવંત છે, એમ જે માને છે તે ભવ્ય છે

મનુષ્યો અસુરો અને દેવોના અધિપતિઓ સાહજિક ઇન્દ્રિયોથી પીડિત થઇ, ને દુઃખ સહન ન થવાથી રમ્ય વિષયોનાં રમે છે. જેમને વિષયોમાં રતિ છે, તેમને દુઃખ સ્વભાવિક છે એમ જાણો. નહિ તો વિષયો માટે તેમની પ્રવૃત્તિજ ન સંભવે ત્યાં પણ, સ્વભાવથી જુદી જુદી ઇન્દ્રિયોથી યોગ્ય ઇષ્ટ વિષયોને પામીને સુખ રૂપે પરિણમતો આત્મા પોતે જ સુખનુ કારણ છે, દેહ નથી. એ તો નક્કી જાણવુ કે, દેહ આ લોકમા કે સ્વર્ગમા જીવને કશું સુખ આપતો નથી, જીવ પોતે જ જુદા જુદા વિષયોને વશ થઇ, જાતે સુખ કે દુઃખ રૂપ પરિણમે છે, એ પ્રમાણે જો આત્મા પોતે જ સુખરૂપ હોય તો પછી વિષયોનુ શુ કામ છે? જે પ્રમાણે સૂર્ય પોતેજ પ્રકાશ રૂપ તથા ગરમી રૂપ છે, તે પ્રમાણે મુક્ત આત્મા

પ્રકરણ ૫ મું

માર્ગ

જ્ઞાન દર્શન–ચારિત્ર

જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ–એ નવ પદાર્થોનું જ્ઞાન મુમુક્ષુને આવશ્યક છે. જ્ઞાનીઓએ તે નવ પદાર્થોનું સ્વરૂપ જે રીતે કહી બતાવ્યું છે, તેના ઉપર શ્રદ્ધા રાખવી એનું નામ સમ્યક્ત્વ અથવા સમ્યગ્ દર્શન. તે નવ પદાર્થોના (નવ તત્ત્વોની) યથાર્થ સમજ–તેનું નામ જ્ઞાન અને તેને [illegible] [illegible] ચિત્તના, સમભાવ યુક્ત વર્તન–તેનું નામ ચારિત્ર. શ્રદ્ધા અને જ્ઞાન યુક્ત એવું રાગદ્વેષ રહિત ચારિત્ર, એ જ મોક્ષનો માર્ગ. [illegible] મોક્ષના અધિકારી છે, એવા વિવેકબુદ્ધિવાળા માનવો તે માર્ગને પામે છે.

નથી, ત્યાં સુધી આત્મા શુભાશુભ ભાવો પામ્યા જ કરવાનો, અને નવા કર્મ બંધાતા જવાનાં તે બંધાયેલા કર્મો ખંખેરી નાંખવાં તેનું નામ નિર્જરા. જે સયમી સંયમ વડે નવાં કર્મો આવતાં અટકાવી, ધ્યાનયોગથી યુક્ત બની, બહુવિધ તપો આચરે છે, તે અવશ્ય પોતાનાં અનેક કર્મો ખખેરી નાખે છે, જે આત્માર્થી સંયમ યુક્ત બની, જ્ઞાન સ્વરૂપ આત્માને જાણી, તેનું સદૈવ ધ્યાન કરે છે, તે કર્મરજ ખખેરી નાખે છે, જેને રાગદ્વેષ, મોહ કે મન-વાણી કાયાની પ્રવૃત્તિ નથી, તેને જ શુભાશુભ કર્મ બાળી નાખનારો ધ્યાનમય અગ્નિ પ્રાપ્ત થાય છે. યોગ એટલે કે પ્રવૃત્તિને કારણે કર્મરજ બંધાય છે

યોગ મન-વાણી-કાયાની ક્રિયાથી થાય છે, બંધ આત્માના અશુદ્ધ ભાવોને કારણે થાય છે, અને ભાવો પ્રિય અપ્રિય પદાર્થોમાં રતિ, રાગ અને મોહયુક્ત હોય છે, અષ્ટ પ્રકારના કર્મો બંધાવાનું કારણ મિથ્યાત્વ, અસંયમ, કષાય (ક્રોધાદિ) અને યોગ છે તેમનું પણ કારણ રાગાદિ ભાવ છે, એ રાગાદિ ભાવ જેને નથી, તે બંધાતો જ નથી રાગાદિ કારણોના અભાવથી જ્ઞાનીને કર્મ બંધાતું અટકે છે, કર્મના અભાવથી આત્મા સર્વજ્ઞ અને સર્વલોકદર્શી પરમાત્મા થાય છે શ્રદ્ધા અને જ્ઞાનથી પરિપૂર્ણ તથા અન્ય દ્રવ્યના સંબંધથી રહિત એવું ધ્યાન શુદ્ધ સ્વભાવી સાધને કર્મદાહનો હેતુ થાય છે, તે સંયમ યુક્ત છે, તથા જે સર્વ કર્મોનો નાશ કરવા પ્રવર્તે છે, તેના વેદનીય, નામ, ગોત્ર અને આયુષ્ય કર્મ નષ્ટ થતાં તે આ સંસારને છોડી દે છે, તેનું નામ મોક્ષ

ચારિત્ર

કેવળ સ્વભાવથી અભિન્ન એવા અપ્રતિહત જ્ઞાન અને અપ્રતિહત દર્શન જે જીવનો (આત્માનો) સ્વભાવ છે તેમનું (રાગાદિના અભાવથી) નિશ્ચિત સ્થિર-અવિચળ હોવું નામ જ નિર્મળ ચારિત્ર છે જે

સ્વરૂપ આત્માનું ધ્યાન કરવું તો જ તેને નિર્વાણ પ્રાપ્ત થશે. બાકી, જૈન સિદ્ધાંત કે તીર્થંકરમાં શ્રદ્ધા બુદ્ધિવાળા સૂત્ર પર રુચીવાળા તથા સંયમ તપથી યુક્ત મનુષ્યને પણ નિર્વાણ દૂર જ છે મોક્ષની કામનાવાળાએ ક્યાંય કિંચિત્ માત્ર રાગ ન કરવો તેવો ભવ્ય આ ભવસાગર તરી જાય છે.

સંન્યાસ

આ બધું જાણી, જો તારે દુઃખમાથી (ભવદુઃખ) છુટકારો જોઈતો હોય, તો સિધ્ધોને, જિનેશ્વરોને અને શ્રમણોને પુન પુન નમસ્કાર કરી, શ્રમણપણું સ્વીકાર. તેનો વિધિ આ પ્રમાણે છે બંધુવર્ગની રાજીખુશીથી રજા લઇ, તેઓને સંતોષી, પૂજ્ય આચાર્ય ભગવત પાસે તે જાય તેમની પાસે જઇ, તેઓને નમસ્કાર કરી, 'મારો સ્વીકાર કરો' એમ કહેવું. પછી ગુરુ કૃપા કરે અને જૈનદિક્ષા અંગી કાર કરવામા આવે ત્યારે એવો નિશ્ચય કરવો કે હું આત્મા છું. મારૂ કોઇ નથી અને હું કોઇનો નથી જિતેન્દ્રિય બની, અંતર બાહ્ય પરિગ્રહ રહિત થઇ, પાંચમહાવ્રત યુક્ત બની, સર્વથા આસક્તિ રહિત થઇ શુભાશુભ ભાવોથી પર થવા પ્રયત્નવંત થઇ, શુધ્ધ ભાવોનું પુન પુ અનુસરણ કરવુ આત્મ સમાધિ રૂપ યોગની આરાધના યુક્ત બન ઉપરોક્ત આચરણમા પ્રયત્ન શીલ 'શ્રમણ' થયો કહેવાય. 'શ્રમ બન્યા છતા જે મુનિ જિને કહેલા પદાર્થો પર શ્રધ્ધા નથી કરતો સાચો શ્રમણ નથી, અને તે આત્માનું શુધ્ધ સ્વરૂપ પણ પ્રાપ્ત ક શકતો નથી. જેની મોહ દ્રષ્ટિ નાશ પામી છે, તે મહાત્મા શ એટલે કે શાંત આત્મ સ્વરૂપને પામે છે

અન્નાન આદિ મૂળ ગુણો છે, તેમા પ્રમાદ કરનાર શ્રમણનું શ્રમણ-પણ લુપ્ત થાય છે, અને તેને પાછી નવીન દીક્ષા ગ્રહણ કરવી પડે છે પરંતુ ઇમા ઇષ્ટ અનિષ્ટ ત્યાગીને વિહરવુ જે શ્રમણ દર્શન-પૂર્વક જ્ઞાનને આધીન રહીને આચરણ કરે છે, અનંત ગુણયુક્ત જ્ઞાન સ્વરૂપ આત્મામા નિત્ય લીન રહે છે, તથા મૂળ ગુણોમા પ્રયત્નશીલ રહે છે તેનુ શ્રમણપણુ પરિપૂર્ણ કહેવાય છે. એકદરે સર્વથા આસક્તિ રહિત થવુ જ શ્રેયનું કારણ છે.

અહિંસા

જે મુનિ સમિતિ યુક્ત છે તથા યત્ન શીલ છે, તે અહિંસક છે અસાવધાનીથી વર્તનારો શ્રમણ છ જીવ કાયોનો વધ કરનારો મનાય છે. પરંતુ હમેશા પ્રયત્ન પૂર્વક વર્તનારો જળ કમળવત્ નિર્લેપ રહે છે.

ક્રિયા પણ તેના નથી. જુદા જુદા ક્રમમાં વિકાસ પામેલો (કર્મની) શક્તિઓનો સમૂહ, શુભાશુભ રાગાદિ વિકલ્પો, શારીરિક, માનસિક કે વાચિક પ્રવૃત્તિઓ, કષાયોની તીવ્રતા, અતીવ્રતા કે ક્રમહાની, જુદા જુદા દેહો, તથા મોહનીય કર્મની ક્ષય વૃદ્ધિ અનુસાર આધ્યાત્મિક વિકાસક્રમ રૂપી ગુણસ્થાનો–એ બધા પણ તેને નથી કેમ કે તે બધા જડ પુદ્ગલ દ્રવ્યના પરિણામો છે. એ બધા ભાવો વ્યવહાર દૃષ્ટિથી જીવના કહેવામાં આવે છે. એમની સાથે જીવનો સબંધ ક્ષીર અને નીરની પેઠે જાણવો એટલે કે તે બંને જેમ એક બીજા સાથે મળેલાં દેખાય છે છતાં દુધનું દૂધ પણું જેમ પાણીથી જુદું છે, તેમ આ બધા ભાવો જીવથી જુદા છે, કારણ કે, જીવનો બોધ રૂપ ગુણ જડ ભાવો કે દ્રવ્યોથી જુદો છે. કોઈ રસ્તે વટેમાર્ગુઓ હમેશ લૂંટાતા હોય, તો વ્યવહારથી લોકો કહે છે કે, આ રસ્તો તો લૂટાય છે, જો કે, કોઈ રસ્તો તો લૂટાતો નથી, તેમ જીવમાં કર્મ અને નો કર્મનો વર્ણ જોઈને એ જીવનો વર્ણ છે, એમ વ્યવહારથી કહેવાય છે ગંધરસાદિનું પણ તેમજ સમજવું. સંસારસ્થ જીવોને એ વર્ણાદિ હોય છે, સંસાર મુક્ત જીવોને એ કશું નથી હોતું. સંસાર અવસ્થામાં પણ એ વર્ણાદિ વ્યવહાર દૃષ્ટિએ જ જીવના છે, વાસ્તવિક નથી. તે અવસ્થામાં પણ જો તે વાસ્તવિક જ જીવના હોય, તો સંસારસ્થ જીવો વર્ણાદિ યુક્ત ઠરે, અને વર્ણાદિવાળા હોવું એ તો જડ–પુદ્ગલ-દ્રવ્યનું લક્ષણ છે, એટલે તે જીવ [illegible] જ ન બન્યો? પછી તો નિર્વાણ પામેલો જીવ પણ પુદ્ગલ દ્રવ્યથી જુદો કેમ કરીને થવાનો હતો! માટે [illegible] કે [illegible] [illegible] દેહ પર્યંતના જડ કર્મથી નીપજેલા ભાવ, તેમને જીવ એવું નામ વ્યવહાર દૃષ્ટિથી જ આપવામાં આવે છે

પ્રકરણ ૩ જું

કર્તા અને કર્મ

કર્મ બંધનનો પ્રકાર

જ્યાં સુધી અજ્ઞાની જીવ, આત્મા અને ક્રોધાદિ વિકાર (આશ્રવ) [illegible] ના તફાવત જાણતો નથી, ત્યાં સુધી તે ક્રોધાદિમાં પ્રવર્તે [illegible] કર્મોનો સંચય થાય છે. સર્વજ્ઞોએ જીવને કર્મોનો બંધ [illegible] પરંતુ જ્યારે જીવને આત્મા અને ક્રોધાદિ [illegible] ભેદ જણાય છે ત્યારે તેને કર્મ [illegible] કાળનું [illegible] જીવ જ્યારે [illegible] વિપરીત પણ, અધ્રુવપણું, અનિત્યપણું [illegible] તથા [illegible] જાણે છે ત્યારે તેમાંથી [illegible] નિવૃત્ત [illegible]

શ્રદ્ધા અને તત્વમાં અશ્રદ્ધા એનું જ નામ મિથ્યાત્વ, વિષય કષાયમાંથી અવિરમણ--અનિવૃત્તિ-તેનું જ નામ અવિરતિ અથવા અસંયમ, જીવનું જે ક્રોધાદિથી કલુષિતપણું તેનું જ નામ કષાય, અને મન-વાણી-કાયાની ત્યાજ્ય કે કર્તવ્ય રૂપ શુભાશુભ પ્રવૃત્તિમાં ઉત્સાહ તેનું નામ યોગ એ બધાને કારણે કર્મ તરીકે બંધાવાને યોગ્ય પુદ્ગલ દ્રવ્ય (કાર્મણવર્ગણાગત) જ્ઞાનાવરણાદિ અષ્ટ કર્મ રૂપે પરિણમી જીવ સાથે બંધાય છે, અને એ બંધનને કારણે જીવ પાછો ફરી અજ્ઞાનાદિ વિપરિત ભાવો રૂપે પરિણમે છે, પરંતુ એ બધાં જડ કર્મનાં પરિણામ છે, તેથી અચેતન છે જેમ ચૈતન્ય એ જીવથી એકરૂપ છે, તેમ જડ એવા ક્રોધ વગેરે પણ એકરૂપ હોય, તો તો જીવ અને અજીવ બન્ને એકરૂપ થઇ જાય, અને જે જીવ તેજ અજીવ એવું કહેવાનો સમય આવે અલબત, પુદ્ગલ દ્રવ્ય જાતે કર્મ ભાવે પરિણામ પામી જીવ સાથે બંધાતુ ન હોય, તો પછી સંસારના અભાવનો જ પ્રસંગ આવે, કે સાંખ્ય સિદ્ધાંતની સ્થિતિ આવીને ઉભી રહે, તે જ પ્રમાણે જીવ પણ જાતે ક્રોધાદિ રૂપે પરિણામ પામી કર્મમાં બંધાતો ન હોય, તો તે અપરિણામી ઠરે, અને ઉપર મુજબ જ સંસાર અભાવ વગેરે દોષો આવીને ઉભા રહે, માટે, પુદ્ગલ દ્રવ્ય જાતે પરિણામ સ્વભાવી હોઇ જાતે જ જ્ઞાનાવરણીયાદિ કર્મ રૂપે પરિણમે છે અને તે જ પ્રમાણે જીવ પણ પોતે જ ક્રોધ ભાવે પરિણમી ક્રોધ રૂપ થાય છે, એમ સમજવું જોઇએ તેમાં એટલું યાદ રાખવાનું કે જ્ઞાનીના ભાવ જ્ઞાનમય છે, તેથી કર્મોને કારણે ઉભા થતા વિભાવોને તે પોતાનાથી ભિન્ન માને છે, પરંતુ અજ્ઞાનીના ભાવ અજ્ઞાનમય હોય છે, તેથી કર્મથી થતા ભાવોને તે પોતાના રૂપ માની તે-રૂપે પરિણમે છે, અને નવા કર્મ બંધન પ્રાપ્ત કરે છે, પરંતુ જ્ઞાની તેથી લેપાતો નથી.

વ્યવહાર દષ્ટિથી જ કહેવાય છે કે આત્માને કર્મ બંધાય છે
[illegible] છે, પરંતુ શુદ્ધ દષ્ટિથી વિચારતા [illegible]માં
[illegible] નથી. પરંતુ એ બંધાવું અને ન બંધાવું એ
[illegible] નાના-મતમતાંતરો કારણ છે (વાદવિવાદ) આત્મા તો [illegible]
[illegible] પક્ષ છે અને તેજ સમયસાર છે અને તેજ
[illegible] સમ્યગ જ્ઞાન કહી શકાય

---

૧ [illegible] જેટલા આત્મા [illegible] જેટલે તેજ [illegible] ૨૨.૫

પ્રકરણ ૭મું

પુણ્ય-પાપ

શુભાશુભ કર્મ બંને અશુદ્ધ

લોકો જાણે છે કે અશુભ કર્મ જ પાપમય છે, અને શુભ કર્મ સારું છે પુણ્યમય છે, પરંતુ શુભ કર્મ પણ સંસારમાં પ્રવેશ કરાવતું હોઇ તેને હિતકર કેમ કરીને કહેવાય? લોઢાની સાંકળ જેમ બંધનકર્તા છે તેમ જ સોનાની પણ સાંકળ બાંધે છે બંન્નેથી બંધન જ પ્રાપ્ત થાય છે શુભ તેમજ અશુભ કર્મ બંને જીવાત્માને બંધનકર્તા છે. પરમાર્થ દૃષ્ટિથી તો શુભ તેમ જ અશુભ બંને કર્મો બંધન રૂપ હોઇ તેમનો રાગ ન કરવો જોઇએ તેમ જ્ઞાની જનો શુભ અશુભ બંનેને બંધનકારક જાણી તેમનો સંસર્ગ તજે છે અને સ્વ સ્વભાવમાં લીન થવા પ્રયત્ન કરે છે

શુદ્ધ કર્મ

વિશુદ્ધ આત્મા જ પરમાર્થ છે, મોક્ષરૂપ છે, કેવળ જ્ઞાનમય છે, તેજ મુનિપણું છે, તે પરમ સ્વભાવમાં સ્થિત થયેલા મુનિઓ નિર્વાણ પામે છે, તે પરમાર્થમાં સ્થિત થયા વિના અજ્ઞાનીઓ જે કંઇ તપ કરે છે, વ્રત ધારણ કરે છે, તે બધું અજ્ઞાનજન્ય હોઇ મોક્ષના કારણરૂપ થતું નથી એમ સર્વજ્ઞો કહે છે પરમાર્થથી બહાર એવા તે અજ્ઞાનીઓ સાચો મોક્ષ માર્ગ ન જાણતા હોવાથી સંસારના ભ્રમણના કારણ રૂપ પુણ્યની જ ઇચ્છા કરે છે તેથી પંડિતો પારમાર્થિક વસ્તુનો ત્યાગ કરી, વ્યાવહારિક કર્મમાં પ્રવર્તન કરે છે, પરંતુ પરમાર્થનો આશ્રય લઇને મુનિઓ કર્મક્ષયનો માર્ગ ગ્રહણ કરે છે મેલ લાગવાથી વસ્ત્રનું સફેદપણું જેમ ઢંકાઇ જાય છે, તેમ મિથ્યાત્વ રૂપી મેલથી જીવનું સમ્યગ-દર્શન આચ્છાદિત થઇ જાય છે, અજ્ઞાન રૂપી મેલથી જીવનું સમ્યગ જ્ઞાન આચ્છાદિત થઇ જાય છે અને કષાય રૂપી મેલથી જીવનું ચારિત્ર આચ્છાદિત થઇ જાય છે, જીવ સ્વભાવે સર્વ જ્ઞાન-મય છે, પરંતુ કર્મ-રજથી ઢંકાઇ જઇ, સંસારને પામી, આત્માને જાણી [illegible]

[illegible]

પ્રકરણ ૫ મું

આસ્રવ

મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ ચાર આસ્રવો જ્ઞાના-
[illegible] કર્મ બંધાવાનાં કારણો છે પરંતુ જીવના રાગદ્વેષાદિ
[illegible] પણ કારણ છે, તેથી વસ્તુતાએ રાગ, દ્વેષ અને મોહ
[illegible] આસ્રવો એટલે કે કર્મ બંધના કારણ છે જેને કેવલ દર્શન
[illegible] તેવા જીવને આસ્રવ કે બંધ હોતા નથી કારણ કે જીવનો
[illegible] ભાવ જ બંધનનું કારણ છે રાગાદિ ભાવ નષ્ટ થયા
[illegible] ઉદય પામતો નથી.

જ્ઞાની અને બંધ

[illegible] મિથ્યાત્વાદિ ચાર આસ્રવો ઉદયમાં આવી
[illegible] દર્શનને રાગાદિ (અજ્ઞાન) ભાવો રૂપે પરિણમાવે છે,
[illegible] પ્રકારના કર્મ બાંધે છે ત્યાં સુધી જીવનો જ્ઞાન-
[illegible] વિપરીત પરિણામો પામ્યા કરે
[illegible] ત્યારે [illegible] ત્યારે [illegible]
[illegible]

તેને પ્રાપ્ત કરીનેજ મુનિ નિવૃત્તિનો આનંદ પામે છે, એ પદને જ્ઞાન ગુણ વિહિન માનવ ગમે તે સાધન કરવા છતાં પામતો નથી, તારે જો કર્મથી મોક્ષ જોઈતો હોય તો તું તેજ પદને ભજ, તે પદમાંજ નિત્ય રત રહે, તેમાંજ નિત્ય પરિતુષ્ટીને પ્રાપ્ત કર અને તેનાથીજ સંતુષ્ટ રહે તો તને નિશ્ચય પરમ સુખ પણ પ્રાપ્ત થશે. આત્માને જ પરમ ધન જાણનો જ્ઞાની પર દ્રવ્યને પોતાનું શાનો કહે? જો પરદ્રવ્ય મારૂં હોય, તો હું તેના જેવો જડ બની જાઉં, હું તો જ્ઞાતા જ છું, દ્રષ્ટા જ છું, તે જ મારો ધર્મ છે, બીજો કોઇ મારો ધર્મ નથી, માટે બીજા કોઇ પરદ્રવ્યનો પરિગ્રહ મારે ન હોય, ભલે ને તે છેદાઇ જાય, ભેદાઇ જાય, હરાઇ જાય, નાશ પામે કે ગમે તે થાય, તો પણ મારૂં કઇ જ નુકસાન થતુ નથી, તે પરદ્રવ્ય મારૂં છે જ નહિ. આમ જ્ઞાની અપરિગ્રહ (મુર્છારહિત) તથા અનિચ્છ હોવાથી તે કઇ પણ ન ઇચ્છતો પોતાના જ્ઞાયકભાવમાં સ્થિત એવો તે સર્વત્ર નિરાલમ્બ રહે છે. પ્રાપ્ત થતા ભોગોમાં જેને હેયબુદ્ધિ છે, અને અનાગત ભોગોની જેને ઇચ્છા નથી, કર્મને નિમિત્તે થત્તા તથા સમયે સમયે વિનાશ પામતા વેદ્ય-વેદક ભાવોને તે જાણે છે પણ ફરી તેની કાંક્ષા કરતો નથી, બંધ અને ઉપભોગનાં નિમિત્ત એવાં સંસાર તથા દેહ વિષયક અધ્યવસાનોમાં જ્ઞાનીને મમત્વ ભાવ હોતો નથી. જેમ સોનું કીચડમાં રહેલા છતાં કટાતું નથી, તેમ બધા દ્રવ્યોમાં મમત્વ રહિત જ્ઞાની કર્મોની મધ્યમાં રહેલા છતાં લેપાતો નથી, પરંતુ સર્વ પરદ્રવ્યોમાં મમત્વ રાખતો અજ્ઞાની કાદવમાં પડેલા લોઢાની જેમ કર્મ રજથી લેપાય છે. શંખ વિવિધ જડ ચેતન કે મિશ્ર દ્રવ્યોને ખાય છે, છતાં તેનો શ્વેત ભાવ કાળો થતો નથી. તેમ જડ-ચેતન કે મિશ્ર દ્રવ્યો ભોગવતા જ્ઞાનીનું જ્ઞાન પણ અજ્ઞાન ભાવે પરિણમતું નથી, પરંતુ તે જ શંખ પોતે જ શ્વેત ભાવ છોડી કૃષ્ણ ભાવને પામે છે ત્યારે તેનું શુક્લત્વ દૂર થાય છે તેમ જ્ઞાની પણ જ્યારે જ્ઞાન સ્વભાવનો ત્યાગ કરી અજ્ઞાન રૂપે પરિણમે છે. ત્યારે

...જ્ઞાનવાન પણ છે

સમ્યગ્દૃષ્ટિની વ્યાખ્યા

જેમ કોઈ પુરુષ આજીવિકાના હેતુથી રાજાની સેવા કરે છે, તો તે રાજા પણ તેને વિવિધ સુખોત્પાદક ભોગો આપે છે. તેમ જે જીવ સુખ નિમિત્તે કર્મ રજ સેવે છે, તેને તે વિવિધ સુખોત્પાદક ભોગો આપે છે, પરંતુ તેજ પુરુષ આજીવિકાને નિમિત્તે રાજાની સેવા ન કરે તો તે પણ તેને સુખોત્પાદક ભોગો ન આપે, તેમ જે સમ્યગ્દૃષ્ટિ પુરુષ વિષયાર્થે કર્મરજને સેવતો નથી, તેને તે પણ સુખોત્પાદક વિવિધ ભોગો આપતો નથી સાત પ્રકારના ભય રહિત જે નિઃશંક છે તે નિઃશંક જીવ સમ્યગ્દૃષ્ટિ છે

કર્મબંધનનું મુખ્ય કારણ મિથ્યાત્વ છે તેનાથી રહિત આત્મા કાંક્ષા રહિત છે નિષ્કાંક્ષ જીવ સમ્યગ્દૃષ્ટિ છે, સર્વ પદાર્થોના ધર્મમાં જે જુગુપ્સા નથી કરતો તે નિર્વિચિકિત્સ આત્મા સમ્યગ્ દૃષ્ટિ છે, જે સર્વ ભાવોમાં જે અસંમૂઢ છે તથા યથાર્થ દૃષ્ટિવાળો છે તે અમૂઢ આત્મા સમ્યગ્દૃષ્ટિ છે, સિદ્ધોની ભક્તિ યુક્ત તથા આત્માના સર્વ [illegible] આત્મા સમ્યગ્દૃષ્ટિ છે [illegible]

[illegible]

પ્રકરણ ૮ મું

બંધ

બંધનનું સાચું કારણ

કોઇ પુરૂષ શરીરે તેલ મર્દન કરીને જંગલમાં કુસ્તી કરવા જાય અને બીજો પુરૂષ શરીરે તેલ મર્દન ન કરતા જંગલમાં કુસ્તી કરવા જાય, આ બન્ને કુસ્તી કરે, છતાં રજ (ધૂળ) કોના શરીરે ચોટે તે વિચારો. જેણે તેલ મર્દન કરેલ છે તેના શરીર પર ધૂળના રજકણ તેલની ચીકટને કારણે ચોટી જશે કુસ્તી તો બન્ને જણે કરી છે છતાં એકના શરીરે તેલની ચિકાશ હોવાને કારણે રજ વધારે ચોટી છે; બીજાને તો તેલ ન હોવાને કારણે રજનો લેપ લાગતો નથી, આ વાત સ્પષ્ટ છે, એ પ્રમાણે મિથ્યા દૃષ્ટિ જીવ અનેક પ્રકારની શારીરિક, માનસિક, વાચિક, ક્રિયાઓ કરતો રાગાદિ ભાવોને કારણે કર્મ રજથી લેપાય છે અને જેમ કુસ્તી કરતી વખતે શરીર પર તેલ ન હોવાને કારણે પુરૂષ રજથી નથી લેપાતો તેવી રીતે સમ્યગ્દૃષ્ટિ પુરુષ અનેક પ્રવૃતિઓ કરે તો પણ તે રાગાદિભાવ યુક્ત ન હોય તો તેને કર્મ રજ ન ચોટે

બધા જીવો પોત પોતાના પૂર્વકૃત શુભાશુભ કર્મને કારણે સુખી કે દુઃખી થાય છે તું અન્ય જીવોને શુભાશુભ કર્મ આપી શકતો ન હોય, તો તે તેમને સુખી કે દુઃખી કેમ કરીને શકાં? કે બીજાઓએ તને સુખી કે દુઃખી કેમ કરીને કર્યો? [illegible], બીજાને માર્યો [illegible], બચાવ્યો [illegible], સુખી કે દુઃખી કર્યો, અગર કોઇ મને તેવી રીતે કરે છે, એવી જે તારી બુદ્ધિ કે અધ્યવસાય છે તે મિથ્યા છે અને તારી તે મ[illegible] મતિથી તું શુભાશુભ કર્મ બાંધે છે, જીવો મરે કે ન મરે પરંતુ મારવા ન [illegible] જે અધ્યવસાય કે બુદ્ધિ છે, તે જ સાંસારિક રીતે બંધનું કારણ છે તે જ પ્રમાણે અસત્ય, ચોરી, અબ્રહ્મચર્ય અને પરિગ્રહની બાબતમાં સમજવું અધ્યવસાય વસ્તુને આશ્રયીને થાય

[illegible] અધ્યવસાયથી—અને નહિ કે વસ્તુથી—જીવને બંધ થાય છે.

[illegible], [illegible], દેવભાવ, મનુષ્યભાવ, તેમ જ અનેકવિધ [illegible] ધર્મ, અધર્મ, જડ, ચેતન, લોક, અને અલોક એ [illegible] જીવ પોતાના અધ્યવસાનથી થાય છે એ અધ્યવસાય [illegible] નથી, તે [illegible] મુનિઓ શુભાશુભ કર્મથી લેપાતા નથી

[illegible], [illegible], અધ્યવસાય, મતિ, વિજ્ઞાન, ચિત્ત, ભાવ, [illegible] એકાર્થક સમજવા

[illegible]

શાસ્ત્રમાં અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનના ભાવ અને દ્રવ્ય એમ બે ભેદો બતાવ્યા છે, તેથી પણ એ જ સિદ્ધ થાય છે કે, આત્મા પોતે રાગાદિ ભાવોનો કર્તા નથી. શાસ્ત્રમાં દરેક દોષને દ્રવ્ય અને ભાવ એમ બે રૂપે બતાવેલ છે તેનો અર્થ જ એ છે કે જીવગત દોષ પણ વિભાવ રૂપ ઉત્પન્ન થવાનું કારણ પરદ્રવ્ય છે એમ કે, ભાવ અપ્રતિક્રમણ હોવાનું કારણ દ્રવ્ય અપ્રતિક્રમણ છે. જો જીવ પોતે જ પોતાના રાગાદિ વિભાવોનું કારણ હોય, તો દરેક દોષના દ્રવ્ય અને ભાવ એવા ભેદ પાડવાનો અર્થ ન રહે. ઉપરાંત બીજો દોષ એ પણ આવે કે, આત્મા પોતે જ રાગાદિ વિભાવનું કારણ હોય તો તે નિત્ય હોવાથી હંમેશ તેમ કર્યા જ કરે, એટલે કદી [illegible] માટે રાગાદિ વિભાવોનું કારણ દ્રવ્ય [illegible] પરદ્રવ્ય [illegible] [illegible] નથી [illegible] તેને નિમિત્તે [illegible]

[illegible]

પ્રકરણ ૯ મું

મોક્ષ

જેમ કોઇ પુરૂષ ઘણા લાંબા સમયથી કેદમાં પુરાયો હોય, અને પોતાના બંધનનો તીવ્ર કે મંદ સ્વભાવ તેમજ તેનો કાળ બરાબર જાણતો હોય, પરંતુ જ્યાં સુધી તે પોતાના બંધનને વશવર્તી તેનો છેદ ન કરે, ત્યાં સુધી તે કોઇ દિવસ છૂટી ન શકે, તેજ પ્રમાણે કોઈ માણસ પોતાના કર્મ બંધનનો પ્રદેશ, સ્થિતિ, પ્રકૃતિ તેમજ અનુભાગ (પ્રભાવ) જાણતો હોય, તો પણ તેટલા માત્રથી તે તેમાંથી છૂટી ન શકે પરંતુ તે માણસ જો રાગાદિ દૂર કરી શુદ્ધ થાય તો તેમાંથી છુટી શકે છે માત્ર બંધનનો વિચાર કરવાથી તેમાથી છૂટી શકાય નહી છુટવા માટે તો બંધનો તેમજ આત્માનો સ્વભાવ જાણી, બંધથી વિરક્ત થવું જોઇએ અને ત્યારેજ કર્મમાથી છુટાય

વિવેક

જીવ અને બંધને દરેકના ભિન્ન ભિન્ન લક્ષણો દ્વારા બરાબર જાણી તિક્ષ્ણ પ્રજ્ઞા રૂપી છીણી વડે ભેદ જ્ઞાનથી જુદા પાડવામાં આવે તો જ તે જુદા થાય પછી, બંધને છેદી જુદા પાડી નાખવો અને આત્માને ગ્રહણ કરવો. આત્માને કેવી રીતે ગ્રહણ કરવો? જેમ પ્રજ્ઞા વડેજ તેને જુદો પાડ્યો તેમ પ્રજ્ઞા વડેજ તેને ગ્રહણ કરો. જેમકે, જે ચેતન સ્વરૂપ છે તે હું છું, જે દ્રષ્ટા છે તે હું છું, જે જ્ઞાતા છે તે હું છું, બાકીના જે બધા ભાવો છે તે મારાથી ભિન્ન છે શુદ્ધ આત્માને જાણનારો જ્ઞાની પુરૂષ સર્વ ભાવને પરકીય જાણ્યા બાદ તેમને કેવી રીતે પોતાના માને?

અમૃત કુંભ

જેમ કોઇ એક માનવ ચોરી વગેરે અપરાધો કરે [illegible] મને કોઇ પકડશે એ પ્રમાણે શંકિત થઇને ભ્રમમાં ફરે છે, પરંતુ જે અપરાધી નથી તે નિઃશંક થઇ જનપદમાં વિચરે છે તેમ જે

[illegible] રોડ તો પક્ષાપક્ષ-અપક્ષાપક્ષ એવી શંકા થાય, પરન્તુ [illegible] નિ પગથી મેડે તો પછી હું નિર્બંધ છું, કેમ કે મને કોઈ [illegible] નથી. અસિદ્ધિ, ગાંધ, સિદ્ધિ, સાધિત. આગાધિત, એ શબ્દો [illegible]. ગાંધ એટલે આખ્ય આત્માની સિદ્ધિ-પ્રાપ્તિ જેને એ [illegible] આત્મા અપ-ગાંધ (મુક્ત) એટલે કે અપગાધ છે, પરન્તુ જે [illegible] મુક્ત છે તે નિર્બંધ છે [illegible] શુદ્ધ આત્મા છું [illegible] નિર્બંધ [illegible] દાનાથી આત્માત્મ સિદ્ધિ રૂપી આરાધના [illegible] કે [illegible] સિદ્ધિ વિનાની (જૂના [illegible] સાધના [illegible] તે વિશેષ [illegible] શુદ્ધિ [illegible] આત્મા તે [illegible] સાચી આરાધના [illegible] વિનાની [illegible]

પ્રકરણ ૧૦મું

સર્વ વિશુદ્ધ જ્ઞાન

આત્માનું કર્તૃત્વ શી રીતે

કોઇ પણ દ્રવ્ય પોતે જુદા જુદા ગુણોવાળાં જે પરિણામો પામે છે તેમનાથી ભિન્ન નથી હોતુ. જેમ સોનુ પોતાનાં કડા કડી વગેરે પરિણામોથી ભિન્ન નથી હોતુ તેમ જીવ તથા અજીવ દ્રવ્યનાં જે પરિણામો સૂત્રમાં બતાવ્યા છે તે પરિણામોથી તે તે દ્રવ્ય અન્ય નથી. આત્મા બીજા કશાથી ઉત્પન્ન નથી થયો તેથી તે કોઇ અન્યનું કાર્ય નથી, તેજ પ્રમાણે તે બીજા કોઇને ઉત્પન્ન કરતો નથી, તેથી કોઇ બીજાનુ કારણ નથી, તેથી વસ્તુતાએ જીવને જડ કર્મનો કર્તા કહેવો એ સંભવતુ નથી છતા આપણે નિયમથી જોઇએ છીએ કે કર્મને કારણે કર્તા (આત્મા) વિવિધ ભાવો રૂપે ઉત્પન્ન થાય છે અને કર્તાના ભાવોને કારણે કર્મો જ્ઞાનાવરણીયાદિ રૂપે ઉત્પન્ન થાય છે. એ સિવાય બીજી કોઇ રીતે તેમની સિદ્ધિ થઇ શકે તેમ પણ નથી, તો તેનો ખુલાસો શો ?

એ વાત સાચી છે કે, આત્મા પ્રકૃતિ (એટલે કે કર્મ અને તેનાં ફળ) ને કારણે વિવિધ વિભાવો રૂપે ઉત્પન્ન થાય છે કે નાશ પામે છે, તે પ્રમાણે પ્રકૃતિ પણ આત્માના તે વિભાવોને કારણે (જ્ઞાનાવરણીયાદિ કર્મ રૂપે) ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. જ્યાં સુધી અજ્ઞાનને લીધે આત્મા પ્રકૃતિ અને તેના ફળોમાંથી [illegible] મમત્વનો ત્યાગ નથી કરતો, ત્યાં સુધી તે અજ્ઞાની, મિથ્યાદૃષ્ટિ અને અસંયમી [illegible] છે, તથા ત્યાં સુધી તેને તે કારણે [illegible] તેમાં [illegible] થયા કરે છે પરંતુ [illegible] નથી, તે [illegible] કર્મફળોમાંથી અહં-મમ [illegible], [illegible] [illegible], [illegible], સ્વર્ગ, અને [illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

આત્મામાં રાગાદિ નથી

મિથ્યાદર્શન, જ્ઞાન અને ચારિત્ર કંઇ અચેતન વિષયોમાં નથી કે જેથી વિષયોમાં કાંઇ કરવાનું હોય. કે અચેતન કર્મમાં પણ નથી કે જેથી તેમા કંઇ કરવાનુ હોય. કે અચેતન શરીરમા નથી કે જેથી તેમા કાંઇ કરવાનુ હોય. જીવના જે ગુણો છે, તે પરદ્રવ્યમાં ક્યાથી હોય? તેથી જ્ઞાની વિષયાદિમાં રાગાદિ નથી શોધતો. આત્માના અજ્ઞાનમય પરિણામથી જ રાગાદિ ઉત્પન્ન થાય છે. જ્યારે અજ્ઞાનનો અભાવ થાય, ત્યારે સમ્યગદષ્ટિ જીવને વિષયોમા રાગાદિ ભાવો નથી થતા.

આમ વસ્તુતાએ રાગાદિ ભાવો વિષયોમાં પણ નથી, અને સમ્યગ્દૃષ્ટિમાં પણ નથી, એટલે કે, તે છે જ નહિ જીવની અજ્ઞાન અવસ્થામાં તે છે તે કાંઇ જુદાં દ્રવ્ય નથી, કે જુદા દ્રવ્યમા રહેલા નથી, તે તો જીવના અજ્ઞાન ભાવથી થાય છે. સમ્યગદૃષ્ટિ થઇને તત્ત્વદૃષ્ટિથી જુઓ તો કાંઇ જ નથી બીજુ દ્રવ્ય બીજા દ્રવ્યમા કાંઇ પરિણામ ન નિપજાવી શકે બધા દ્રવ્યો પોતાના સ્વભાવ અનુસાર પરિણામ પામે છે, તેથી એમ માનવુ કે, પરદ્રવ્ય જીવમાં રાગાદિ ઉત્પન્ન કરે છે, એ પણ ખોટુ છે આત્માના રાગાદિ પરિણામ એ તેના જ અશુદ્ધ પરિણામ છે, તેથી પરદ્રવ્ય પર કોપ કરવો નકામો છે જેમ કે, પુદ્ગલ દ્રવ્યો નિંદા કે સ્તુતિના વચનો રૂપે પરિણમે છે, પરંતુ તેમને સાંભળીને તુ શા માટે હર્ષ વિષાદ કરે છે? અને શા માટે માને છે, કે તને કોણે કહ્યું? વાણી રૂપ પુદ્ગલ દ્રવ્ય અને શુભાશુભ શબ્દ રૂપે પરિણમ્યુ પરંતુ તે તો તારાથી પર છે. તેમ તારાથી તેના ગુણો પણ ભિન્ન છે તો પછી તેમા તને શુ થયુ, કે જેથી તુ [illegible], ગુસ્સે થાય છે.? તે શુભાશુભ શબ્દ તને નથી કહેવા આવતો કે, તુ મને સાંભળ! તેમ તારો આત્મા શ્રોત્રેન્દ્રિય ગોચર થયેલા શબ્દને ગ્રહણ કરવા પણ નથી જતો. તે જ

[illegible] ગુણાગમ રૂપ [illegible] કરવા નથી [illegible]
[illegible] ગુણાગમ ગંધ, રસ, સ્પર્શ, [illegible]
[illegible], [illegible] પ્રમાણ છે કે, ઇન્દ્રિયોના વિષય [illegible]
[illegible] જાણવાના, તેમ કરવા [illegible]
[illegible] પ્રત્યક્ષ તે [illegible]
[illegible]
[illegible] નથી [illegible]
[illegible] તે પ્રમાણ [illegible]
[illegible] આત્મા [illegible]
[illegible] નથી [illegible]
[illegible]

છે જે પુરૂષ પૂર્વકાલમાં અજ્ઞાન ભાવથી કરેલા કર્મના ફલોને સ્વામિ થઈને નથી ભોગવતો, તથા પોતાના વાસ્તવિક આત્મ સ્વરૂપમાં જ તૃપ્ત રહે છે, તેવો સર્વ-કર્મ-સન્યાસી તેમ જ સર્વ-કર્મ-ફલ-સન્યાસી પોતાના શુદ્ધ જ્ઞાનસ્વભાવને પ્રાપ્ત કરે છે. તે જ્ઞાન એટલે શાસ્ત્રગત જ્ઞાન નહિ. એ ગ્રન્થો તો અચેતન છે. તે કશું જાણતા નથી,-માટે જ્ઞાન અન્ય છે અને શાસ્ત્ર અન્ય છે, તેજ પ્રમાણે શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ, પણ જ્ઞાન નથી, કારણ કે તે બધા પણ કશું જાણતા નથી તેજ પ્રમાણે કર્મ, ધર્મ, અધર્મ, કાલ અને આકાશ એ પણ જ્ઞાન નથી, અધ્યવસાય પણ જ્ઞાન નથી, કારણ કે તે તો અચેતન છે, માત્ર એક આત્મા જ પોતે જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાન જ્ઞાયકથી અભિન્ન છે, આત્મા અને જ્ઞાન એકજ છે, એ આત્માજ સમ્યગ્દષ્ટિ, સંયમ, શાસ્ત્ર જ્ઞાન, ધર્મ, અધર્મ, કે સંન્યાસ એ બધાને જાણે છે, વિવેકી તેનેજ ગ્રહણ કરે છે

આમ જેની અમૂર્ત શુદ્ધ આત્મામાં સ્થિતિ છે, તે કર્મ નોકર્મ રૂપ પુદ્ગલ દ્રવ્યને ગ્રહણ કેમ કરે? કારણ કે, પુદ્ગલ દ્રવ્ય તો મૂર્ત છે આત્માના કર્મ સંયોગ જનિત કે સ્વભાવિક કોઈ ગુણથી પરદ્રવ્યનું ગ્રહણ કે ત્યાગ થઈ શકતા નથી, માટે વિશુદ્ધ આત્મા જડ ચેતન દ્રવ્યોમાથી કોઈને ગ્રહણ કરતો કે ત્યાગતો નથી.

સાચો મોક્ષ માર્ગ

આવી જ્યાં વસ્તુ સ્થિતિ છે, ત્યાં મૂઢ જીવો લિંગો (ભિન્ન-વેશ ઇત્યાદિ) ધારણ કરી એમ માને છે કે, આ લિંગ એજ મોક્ષ માર્ગ છે એ કેવી ભ્રમણા છે? એટલે બાહ્ય લિંગ મોક્ષનો માર્ગ શી રીતે હોઈ શકે? કારણ કે, અર્હંતો તો દેહનું પણ મમત્વ છોડી, સર્વ લિંગ તજી, દર્શન-જ્ઞાન-ચારીત્ર રૂપ મોક્ષ માર્ગને સેવે છે, માટે એ બધા ગાઢ કે ગ્રંથના લિંગોના વાદ વિવાદને ત્યાગી,

સુભાષિતો

સમયસાર

ગાથા—ણાણગુણેણ વિહીણા એય તુ પયં બહુવિણ લહંતિ
તં ગિણ્હ ણિયદમેદ જદિ ઇચ્છસિ કમ્મપરિમોક્ખ ॥૧

અર્થ—નિર્વિકાર પરમાત્મ તત્વના જ્ઞાન વિના આ પરમપદને ગમે તેટલાં તપ સાધન કરવા છતાં કોઇ મેળવી શકતું નથી, માટે તારે જો કર્મબંધનમાંથી મુક્તિ જોઇતી હોય તો તેનો જ સ્વીકાર કર (૨૦૫)

ગાથા—એદમ્હિ રદો ણિચ્ચ સંતુટ્ઠો હો હિ ણિચ્ચ મેદમ્હિ
એદેણ હોહિ તિત્તો હોહદિ તુહ ઉત્તમં સોક્ખં ॥

અર્થ—તારે જો પારમાર્થિક સુખ જોઇતુ હોય, તો એ પરમાત્મા તત્વમાં જ નિત્ય લીન રહે, તેમાં જ નિત્ય સતુષ્ટ થા, અને તેમાં જ નિત્ય તૃપ્ત રહે. (૨૦૬)

ગાથા—બંધાણં ચ સહાવ વિયાણિઓ અપ્પણો સહાવં ચ
બંધેસુ જો વિરજ્જદિ સો કમ્મ વિમોક્ખણં કુણઇ ॥

અર્થ—બંધનું સ્વરૂપ તથા આત્માનુ સ્વરૂપ જાણીને, જે તેનાથી વિરક્ત થાય છે, તે પોતાની મુક્તિ સાધી શકે છે (૨૯૩)

ગાથા—કહ સો ઘિપ્પઇ અપ્પા પણ્ણાએ સો ઉ ઘિપ્પએ અપ્પા ।
જહ પણ્ણાઇ વિહત્તો તહ પણ્ણાએવ ઘિત્તવ્વો ॥

અર્થ—એ આત્માનું જ્ઞાન પ્રજ્ઞા વડે જ થઇ શકે છે, પ્રજ્ઞા વડે આત્માને અન્ય દ્રવ્યોમાંથી જુદો પાડ્યો, એનો આશ્રય જ તેને જાણવો (૨૯૬)

અર્થ પદાર્થોમાં જેને રાગ, દ્વેષ કે મોહ નથી, તે શ્રમણ જ વિવિધ કર્મોનો ક્ષય કરી શકે છે. (૩, ૪૪)

ગાથા પરમાણુપમાણુ વા મુચ્છા દેહાદિયેસુ જસ્સ પુણો।
વિજ્જદિ જદિ સો સિદ્ધિં ણ લહદિ સવ્વાગમધરોવિ ॥

અર્થ જેને દેહાદિમાં અણુ માત્ર જેટલી પણ આસક્તિ છે, તે માનવ ભલેને બધાં શાસ્ત્રોમા પારગામી (વિદ્વાન) હોય, છતાં મુક્ત થઇ શકતો નથી (૩,૩૯)

શ્લોક

શિવમસ્તુ સર્વ જગત: પરહિતનિરતા ભવન્તુ ભૂતગણા: ।
દોષા: પ્રયાન્તુ નાશ સર્વત્ર સુખીન્ ભવન્તુ લોકા: ॥૧॥
સર્વેપિ સન્તુ સુખીન સર્વે સન્તુ નિરામય: ।
સર્વે ભદ્રાણિ પશ્યન્તુ માકશ્ચિત પાપમાચરેત ॥૨॥

ૐ શાન્તિ ! શાન્તિ ! શાન્તિ !